ભૂગોળવિદ્યા.

એશિઆ ખંડનું વર્ણન.

શીહોપ ફેરફાર મુનિ રચ્યો.

અમદાવાદ એક વિદ્યાર્થિ

આ પુસ્તક સરકારે કરવું છે.

મુંબઈ:

સરકારી મિશનમાં અમેરિકા છાપખાને

છાપ્યું છે.

સંવત ૧૯૧૪-સને ૧૮૫૮.

કીમત બાર આના.

गूजरात विद्यापीठ ग्रंथालय

(गुजरात कोपीराईट विभाग)

अनुक्रमांक [illegible] किंमत ૪ આના

ग्रंथनाम [illegible]

वर्गांक

ભૂગોળવિદ્યા.

એસિઆ ખંડનું વર્ણન.

બીજીપ્રત ફેરફાર કરીને રચીછે.

અનાવળ[illegible] એક વિદ્યાર્થી

આ પુસ્તક રજીસ્ટર કરેલું છે.

મુંબઈ:

બાંબે પ્રીંટીંગ પ્રેસમાં જનોબા બાબાજીએ
છાપ્યું છે.

સંવત ૧૯૩૪—સને ૧૮૭૮.

કીંમત ચાર આના.

भूगोळविद्या.

प्रकरण पेहेलुं.

ભૂગોળવિદ્યા એમાં ત્રણ શબ્દ છે. એનો અર્થ એકે ભૂ એટલે પૃથ્વી, ગોળ એટલે ગોળાકાર, અને વિદ્યા એટલે વર્ણન, એટલે પૃથ્વી ગોળાકારછે તેનું વર્ણન ભૂગોળ વિદ્યા ભણવાથી મુખ્ય ફાયદા એ થાયછે કે, આ પૃથ્વી ઉપર પરમેશ્વરે બધે ઠેકાણે એકજધારી રચના કરી નથી, પણ જુદા જુદા દેશમાં જુદી જુદી જાતનાં માણસ, જુદી જુદી જાતનાં પ્રાણી, અને જુદી જુદી જાતની વનસ્પતિ કરેલીછે. તે જાણવાથી ઈશ્વરની અપાર શક્તિ માલમ પડેછે. બીજું આ પૃથ્વી ઉપર કેટલા દેશછે, તેઓ કયી કયી દિશામાં આવેલાછે, ત્યાંના લોક સુધારેલા છે કે જંગલી, ત્યાંની હવા કેવીછે, ત્યાં કયી કયી વસ્તુનો વધારે પાક થાયછે. ને ત્યાં શું શું જોવાનું છે, તે બધુ આપણે જાણીએ છીએ; માટે ઘરમાં બેઠાં બેઠાં આખી પૃથ્વીની મુસાફરી કરવાનું સાધન ભૂગોળ વિદ્યાજછે.

પૃથ્વીનો આકાર નારંગીના જેવો છે, તેનાં પ્રમાણો નીચે પ્રમાણે.

૧. જે એકો વહાણમાં બેશીને પૃથ્વીની પ્રદક્ષિણા‡ કરેછે, તેઓ દિશા બદલ્યા શિવાય જે જગ્યાએથી નિકળ્યા હોય તેજ જગ્યાએ પાછા આવેછે.

૨. ચંદ્ર ગ્રહણની વખતે પૃથ્વીની છાયા ચંદ્ર ઉપર ગોળાકાર પડેછે.

૩. પૂર્વ બાજુના દેશો કરતાં પશ્ચિમ બાજુના દેશોમાં સૂર્ય મોડો ઉગેછે.

૪. સૂર્યાસ્તે ઉંચા ડુંગર ઉપર ચઢીને જોવાથી, કે બલુનમાં બેશીને ઉંચે ચડવાથી, પશ્ચિમમાં સાક્ષાત સૂર્યોદય થયેલો દેખાયછે.

૫. જેમ જેમ આપણે ઉત્તર તરફ જઇએ, તેમ તેમ ધ્રુવનો તારો વધારે ઉંચો દેખાયછે.

૬. જ્યારે દરિઆ કિનારા આગળથી વહાણ ચાલવા માંડેછે, ત્યારે પ્રથમ તેનું તળીયું, પછી સઢ અને છેલ્લીવારે કુવાની ટોચ દેખાતી બંધ થાયછે. તેમજ મોટા મેદાનમાં સામેથી કોઇ માણસ આવતું હોય, તો, પ્રથમ તેની પાઘડી, પછી તેનું મોં, પછી પેટ અને છેલ્લી વારે પગ દેખાય છે. આ ઉપરથી સાફ માલમ પડે છે કે. પૃથ્વી સપાટ નથી. જો સપાટ હોત. તો દૂરથી આવનાર માણસનું માથું અને પગ એકજ વખતે દેખાત.

૭. જ્યારે આકાશ માંહેલા સૂર્ય, ચંદ્ર અને બીજા ગ્રહો ગોળ છે, તો પૃથ્વી પણ એક ગ્રહ છે, તે પણ ગોળજ હોવી જોઇએ એમાં કંઇ શક નથી.

‡ મેગેલન નામના માણસે પેહેલ પ્રથમ પૃથ્વીની પ્રદક્ષિણા કરી હતી.

પૃથ્વીની સપાટી.

પાણી અને જમીન મળીને પૃથ્વીની સપાટી બનેલી છે, જો આખી પૃથ્વીના ચાર ભાગ કરીએ, તો તેમાંના ત્રણ ભાગ પાણી, અને બાકીની જમીન છે.

પૃથ્વીના મુખ્ય ભાગ.

પૃથ્વીના મુખ્ય ભાગ બે છે. પૂર્વ ગોળાર્દ્ધ અને પશ્ચિમ ગોળાર્દ્ધ. એ બંને ગોળાર્દ્ધમાં જેજે જમીન છે, તેના પાંચ ભાગ કર્યા છે, તેમાંના દરેકને ખંડ કહે છે. પૂર્વ ગોળાર્દ્ધમાં યૂરોપ, એશિઆ અને આફ્રિકા એવા ત્રણ ખંડ છે. તેમને જુની દુનિયા કહેછે, કારણકે તેઓ અસલથી એક બીજાને માલુમ હતા.

પશ્ચિમ ગોળાર્દ્ધમાં એકલો અમેરિકા ખંડછે. તે ઇટાલી દેશ માંહેના જીનોઆ શેહેરના મહાકુશળ વહાણવટી કોલંબસે સ્પેન દેશના રાજાની સહાયતાથી ઇ. સ. ૧૪૯૨ માં શોધી કાહાડયો. ત્યાર પહેલાં તે માલુમ નહોતો તેથી તેને નવી દુનિયાં કહેછે.

એ શિવાય પૂર્વ ગોળાર્દ્ધમાં અમેરિકાનો શોધ થયા પછી એક મોટો બેટ માલુમ પડયોછે, તેનું નામ આસ્ટ્રેલિઆ તે પણ ખંડમાં ગણાયછે, તેથી પૃથ્વી ઉપર બધા મળીને પાંચ ખંડ છે.

જમીનના મુખ્ય ભાગો.

ખંડ, દેશ, દ્વીપ (બેટ અથવા ટાપુ), દ્વીપકલ્પ, ભૂશિર, સંયોગી ભૂમિ, પર્વત, (પહાડ), ડુંગર, જંગલ, રણ,

અને ખરાબો. આ ઉપર કહેલાં નામમાંથી કોઇ નામ આવે, ત્યારે તે જમીનનો ભાગછે એમ સમજવું.

પાણીના મુખ્ય ભાગ.

આખી પૃથ્વી ઉપર, ખરૂં જોઇએ તો, બધું ખારૂં પાણી એકાકાર છે, માટે એકજ મહાસાગરછે. પણ સ્થળ પ્રમાણે તે બધા પાણીના કલ્પિત પાંચ ભાગ કર્યાછે. તેથી પાંચ મહાસાગર થયાછે તેઓનાં નામ.

૧. ઉત્તર મહાસાગર (ઉત્તરમાં આવેલો છે તેથી.)

૨. દક્ષિણ મહાસાગર (દક્ષિણમાં આવેલો છે તેથી.)

૩. હિંદિ મહાસાગર (હિંદુસ્તાનની પાસે આવેલો છે તેથી.)

૪. આટલાંટિક મહાસાગર (આફ્રિકાની પશ્ચિમે આટલાસ પર્વત છે, તેના નામ ઉપરથી.)

૫. પાસિફિક મહાસાગર—(તેનો અર્થ એકે શાંત દરિઓ, કારણકે જ્યારે તે પ્રથમ માલમ પડયો, ત્યારે તે શાંત હશે એવું ધારવામાં આવ્યું હતું.) આ મહાસાગર બધા મહાસાગરોથી મોટોછે, તેને અરધી પૃથ્વી રોકીછે.

મહાસાગર, સમુદ્ર, અખાત ઉપસાગર, સામુદ્રધુની (અથવા સંયોગીજલ), સરોવર, નદી. નાળું, ખાડી આ ઉપર કહેલાં નામમાંથી કોઇ નામ આવે તો, તે પાણીનો ભાગ છે એમ સમજવું.

જમીનના ભાગની વ્યાખ્યાઓ.

૧. જમીનનો મોટો ભાગ જેમાં ઘણા દેશ આવેલા હોય, તેને ખંડ કહેછે.

૨. જમીનનો જે ભાગ ચારે બાજૂએ પાણીથી વીટળાયલો હોય તેને દ્વીપ (બેટ, અથવા ટાપુ) કહેછે.

૩. જમીનનો જે ભાગ ત્રણે બાજૂએ પાણીથી વિંટળાયલો હોય અને એક બાજૂએ જમીનથી જોડાયલો હોય, તેને દ્વિપકલ્પ કહેછે.

૪. જે જમીનની અણી લાંબી થઈને સમુદ્રમાં ગએલી હોય તેને ભુશિર કહેછે.

૫. જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધેછે તેને સંયોગી ભૂમિ કહે છે.

૬. જમીન ઉપર ઊંચા ટેકરા હોય તેને ડુંગર કહેછે.

૭. ઘણા ઊંચા અને ઘણા લાંબા ટેકરા હોય તેને પહાડ કે પર્વત કહે છે. જયારે એવા ડુંગર અને પર્વતોની હાર ઘણા ગાઊ સુધી ચાલી ગઈ હોય, ત્યારે તેને પર્વતની હાર કહે છે.

૮. જે પર્વતના શિખરમાંથી ધુમાડો, રાખ અને ઉના રસ જેવો પ્રવાહી પદાર્થ નીકળેછે તેને જવાળામુખી અથવા બળતો પહાડ કહેછે.

૯. જમીનનો જે ભાગ ઝાડોથી ભરપૂર હોય તેને જંગલ અથવા અરણ્ય કહેછે.

૧૦. જે જમીનનો ભાગ ઘણા ગાઊ સુધી સપાટ રેતાળ હોય, અને ઝાડપાન કે પાણી જેમાં જવલે મળે તેને રણ કહેછે.

૧૧. સમુદ્રની અંદર પત્થરનો એવો ટેકરો હોય કે જે ભરતી આવી હોય ત્યારે દેખાય નહીં અને ભરતી ઉતરી જાય ત્યારે પાણીની સપાટી પર દેખાય, તેને ખરાબો

કહેછે. એવા ખરાબાપર ભૂલથી વહાણ અથડાઇ ચૂરેચૂરા થઇ જાયછે.

૧૨. એવી રીતે વહાણ અથડાઇને ભાગી ન જાય, માટે એવા ખરાબા ઉપર ગોળાકારે એક ઉંચો બુરજ બાંધીને તેમાં આખીરાત બળતો દીવો રાખેછે, તેને દીવા દાંડી કહેછે.

૧૩. દરિઆની પાસે આવેલી જગ્યાને કિનારો કહેછે.

૧૪. બે નદીઓ વચ્ચે આવેલા પ્રદેશને દોઆબ કહેછે અને પાંચ નદીઓ વચ્ચે આવેલા પ્રદેશને પંજાબ કહેછે.

૧૫. જેમાં ઘણાંએક સંસ્થાન જીલ્લા વગેરે આવેલા હોય તેને પ્રાંત કહેછે.

૧૬. જેમાં ઘણાં એક શેહેર હોય તથા ખંડીઆ મુલકો આવેલા હોય તેને ઇલાકો કહેછે.

૧૭. જે ઘણાં પ્રગણાં મળીને થયો હોય તેને જીલ્લો કહેછે.

૧૮. જેના તાબામાં ઘણાં નાનાં મોટાં ગામો આવી તાલુકો બંધાયો હોય તેને પ્રગણું કહેછે.

૧૯. થોડાંક ઘરોની વસ્તી હોય તેને ગામ કહેછે.

૨૦. જેમાં ઘણાં ઘરોની વસ્તી આવી હોય અને બજાર હોય તેવા મોટા ગામોને કસ્બા કહેછે.

૨૧. જ્યાં મોટાં છોબંધને હારબંધને હારબંધ ઘરો બાંધેલાં હોય અને સારી સારી ચૌટાં ને બજાર હોય અને જ્યાં ઘણ ધીરધાર વેપાર ચાલતો હોય તેને શેહેર કહેછે.

૨૨. નદી કે દરીઆ કાંઠે વેપારનું મથક હોય ને તેમાં વાહાણ આવી શકે તેને બંદર કહેછે.

૨૩. રાજ ગાદીનું શેહેર હોય એટલે જ્યાં રાજા અથવા રાજાના પ્રતિનીધી રહેતા હોય તેને રાજધાની કહેછે.

૨૪ રાજાઓના વસા વેલા નાના નાના ખંડી આ મુલક તેને સંસ્થાન કહેછે.

૨૫. ડુંગરો કે પર્વતોની વચ્ચેનાનીચા પ્રદેસને ખીણ કહેછે.

૨૬. સપાટ જમીનના વિસ્તારેલા ભાગને મેદાન અથવા પ્રદેશ કહેછે.

૨૭ પાહાડો ઉપર આવેલા પ્રદેશનેઉચ્ચ પ્રદેશ કહેછે.

૨૮ જે ઉંચીજગ્યા એથી જુદી જુદી દિશાઓમાં પાણી વહે તેને જળાશય પ્રદેશ કહેછે.

પાણીના ભાગની વ્યાખ્યાઓ.

૧. ખારા પાણીનો મોટો ભાગ તેને મહાસાગર કહેછે.

૨. જે પાણીનો ભાગ મહાસાગરથી નાનો હોય તેને સમુદ્ર કહેછે.

૩. જમીન ઉપર લાંબો ગયેલો જે સમુદ્રનો ફાંટો તેને અખાત કહેછે.

૪. અખાતનું મોં પહોળું હોય તો તેને ઉપસાગર કહેછે.

૫. પાણીના જે મોટા ભાગને સાંધનારો જે પાણીનો સાંકડો ભાગ, તેને સામુદ્રધુની અથવા સંયોગીજલ કહેછે.

૬. પર્વતમાંથી કે સરોવરમાંથી મીઠા પાણીનો પ્રવાહ નીકળી, ઢળતી જગ્યામાં થઇ, સમુદ્રને કે સરોવરને મળે, કે રણમાં સમાય તેને નદી કહેછે.

૭. પર્વતમાંથી મીઠા પાણીનો નાનો પ્રવાહ નીકળી થોડે દુર જઇ પીછી નદીને મળીજાય તેને નાળું અથવા નાની નદી કહેછે.

૮. જે પાણીનો ભાગ ચારે બાજુએ જમીનથી વિંટલાયલો હોય તેને સરોવર (એટલે મોટું તળાવ) કહેછે.

૯. મોટી નદીમાંથી ફાંટો નીકળી નાની નદીની પેઠે વહેછે તેને તે નદીની શાખા કહેછે.

૧૦ જે ઠેકાણે બે નદીઓ ભેગી થાયછે તેને સંગમ કહેછે.

૧૧. સમુદ્રના મળતા પેહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોયછે, તેને ખાડી કહેછે.

૧૨. જે જગ્યાએથી નદી નીકળે છે, તે જગ્યાને તેનું મૂળ કહેછે. અને જ્યાં આગળ તે સમુદ્રને મળેછે, ત્યાં તેનું મુખ કહેવાયછે.

૧૩. ચંદ્રના આકર્ષણે કરીને દિવસમાં બે વાર સમુદ્રનું પાણી વારા ફરતી ચઢે છે ને ઉતરી જાયછે તેને ભરતી ઓટ કહેછે. પણ ભૂમધ્ય સમુદ્રમાં ભરતી આવતી નથી.

દિશાઓ.

દિશાઓ ચારછે. પૂર્વ, પશ્ચિમ, ઊત્તર, અને દક્ષણ.

સવારમાં જેતરફ સૂર્ય આથમેછે તેને પશ્ચિમ અથવા આથમણી દિશા કહેછે.

પૂર્વ દિશા, ભણી મોં કરીને ઊભા રહીએ, તો ડાબા હાથ તરફની ઉત્તર દિશા, અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા છે.

ખુણા અથવા કોણ.

પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો ખુણો તે અગ્નિ કોણ; દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખુણો તે નૈરૃત્ય કોણ; પશ્ચિમ અને ઉત્તરની વચ્ચેનો ખુણો તે વાયવ્ય કોણ; અને ઉત્તર અને પૂર્વની વચ્ચેના ખુણાને ઇશાન કોણ કહેછે.

સૂર્યથી દિશા માલમ પડેછે ખરી, પણ બર દરિઆમાં કે અંધારી રાત્રે દિશા જણાતી નથી. માટે તે વેળાએ તો સીના લોહનું શોધી કાહાડેલું હોકાયંત્ર કામમાં આવે છે.

નકશામાં દિશા જાણવાની રીત.

સપાટ વસ્તુ ઉપર આખી પૃથ્વીનો કે તેના કોઇ ભાગનો આકાર પાડેલો હોય તેને નકશો કહેછે.

નકશાની સામે મોં કરીને ઉભા રહીએ, તો ઊચેની ઉત્તર, નીચેની દક્ષિણ, જમણા હાથભણીની પૂર્વ, અને ડાબા હાથભણીની પશ્ચિમ દિશા જાણવી.

મુંબઈ ઈલાકાના ભાગનું વર્ણન.

એ ઈલાકાની વાયવ્ય, ઉત્તર, અને ઈશાન દિશા-એ બલૂચિસ્તાન, પંજાબ, અને રજપૂત સંસ્થાનો મધ્ય પ્રાંતો, વરાડ, અને નિઝામનું રાજ્ય છે; દક્ષિણે મદ્રાસ ઈલાકો અને મ્હૈસૂરછે; અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

મુંબઈ ઈલાકાના પાંચ ભાગ કરવામાં આવેછે; તેમનાં નામ સિંધ પ્રાંત, કચ્છ પ્રાંત, ગુજરાત પ્રાંત મહારાષ્ટ્ર (તેમાં દક્ષિણ અને કોકણ) દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કનેરા.

મુખ્ય પર્વત— સહ્યાદ્રી, ઉત્તરથી તે દક્ષિણસુધી જઈને દક્ષણને કોકણથી જુદું પાડે છે.

મુખ્ય નદીઓ— સિંધુ, નર્મદા, તાપી, ગોદાવરી, ભીમા, તથા નીરા.

એ ઈલાકાની રાજધાની મુંબઈ બેટ છે. તે સન ૧૬૬૧ માં ઈંગ્લાંડ દેશનાબીજા ચાર્લ્સ રાજાને પોર્તુગીઝ રાજાની તે કન્યા પરણ્યો તેની પહેરામણી દાખલ પોર્તુ-ગીજ લોકોપાસેથી મળ્યો.

ગુજરાતનો ઘણો ખરો ભાગ ગાયકવાડ સરકાર અને અંગ્રેજ વચ્ચે થએલી સલાહના કોલ કરારપ્રમાણે અંગ્રેજ સરકારને ગાયકવાડે આપ્યો. મહારાષ્ટ્ર અને દક્ષિણ મહારાષ્ટ્ર સન ૧૮૧૭ માં પેશવા સરકારપાસેથી મળ્યા. સિંધ પ્રાંત ત્યાંના રાજ્ય ચલાવનાર અમીરોપાસેથી ઈસવી સન૧૮૪૨–૪૩ માં સરચાર્લ્સ નેપીઅર નામના

અંગ્રેજ સરકારે જીતી લીધો. ઉપર કહેલા દરેક પ્રાંતમાના જીલ્લાનાં, તથા પોલિટિકાલ એજન્સીઓનાં, તથા તેમનાં મુખ્ય શેહેરનાં નામ નીચે મુજબ:—

૧ સિંધપ્રાંત.	મુખ્યશેહેર.
૧ સિંધની સરહદ ઉપરનો મુલક.	જેકબાબાદ.
૨ શિકારપુર જીલ્લો.	શિકારપુર, સક્કર, બખર રોરી.
૩ હૈદરાબાદ. જીલ્લો.	હૈદરાબાદ, હાલો, કોટ.
૪ કરાંચી જીલ્લો	કરાંચી, નગરઠઠ્ઠા
૫ થરપારકર	અમરકોટ, નગર, પારકર.
૬ ખેરપુર સંસ્થાન	ખેરપુર.
૨ કચ્છદેશ.	ભુજ, માંડવી, અંજાર, લખપત
૩ ગુજરાત.	
૧ સુરત જીલ્લો.	સુરત, રાંદેર, વલસાડ.
૨ ભરૂચ જીલ્લો.	ભરૂચ.
૩ ખેડા જીલ્લો.	ખેડા, નડીઆદ, ઉમરેઠ.
૪ પંચ માહાલ.	ગોધ્રા, દાહોદ.
૫ અમદાવાદ જીલ્લો.	અમદાવાદ, ધોળેરા, ધંધુકા.
૬ કાઠિઆવાડ ઇલાકો.	રાજકોટ, દ્વારિકા, ભાવનગર, જુનાગઢ, નવાનગર, સોમનાથ.
૭ પાલણપુર ઇલાકો.	પાલણપુર, ડીસા, રાધનપુર.
૮ મહિકાંઠા ઇલાકો.	સાદરા, ઈડર.

૯ રેવાકાંઠા ઇલાકો.	નાંદોદ, બારીઆ, લુણાવાડા
૧૦ ગાયકવાડ સંસ્થાન.	વડોદરા, પાટણ, અને નવસારી.
૧૧ ખંભાત સંસ્થાન.	ખંભાત.
૧૨ પંચમહાલ ઇલાકો.	નારૂકોટ.
૧૩ સુરત ઇલાકો.	વાંસદા, ધરમપુર, સચીન.

૪ મહારાષ્ટ્ર.

૧ કોંકણ.

૧ થાણા જીલ્લો.	થાણા, કલ્યાણ.
૨ જાવા સંસ્થાન.	જવા.
૩ કોલાબા જીલ્લો.	અલીબાગ.
૪ જંજીરા સંસ્થાન.	જંજીરા.
૫ રત્નાગીરી જીલ્લો.	રત્નાગીરી.
૬ સાવંતવાડી સંસ્થાન.	સાવંતવાડી.

૨ દક્ષિણ.

૧ ખાનદેશ જીલ્લો.	ધુળીઆ, માલેગામ.
૨ નાશક જીલ્લો.	નાશક.
૩ પેંઠ સંસ્થાન.	પેંઠ.
૪ આહમેદનગર જીલ્લો.	આહમેદનગર.
૫ પુણા જીલ્લો.	પુણા, માહાબળેશ્વર, પંઢરપુર
૬ સતારા જીલ્લો.	સતારા, ભોર, કરાડ, ઔંધ જત.
૭ સોલાપુર જીલ્લો.	સોલાપુર, બારસી.
૮ અક્કલકોટ સંસ્થાન.	અક્કલકોટ.

૫ દક્ષિણ મહારાષ્ટ્ર દેશ અને ઉત્તર કાનડા.

૧ કળાડગી જીલ્લો. કળાડગી.

૨ બેલગામ જીલ્લો. બેલગામ.

૩ કોલાપુર સંસ્થાન- કોલાપુર.

૪ દક્ષિણ મરાઠા જાગીર. સાંગલી, જમખંડી, મીરજ, કુરૂદવાડ, મુધોળ, રામદુર્ગ.

૫ ધારવાડ જીલ્લો. ધારવાડ.

૬ સાવાના સંસ્થાન. સાવનુર.

૭ કાનડા જીલ્લો- કારવાડ ઉર્ફે સદાશિવગઢ, હુનાવર.

ગુજરાત પ્રાંતની મુખ્ય નદીઓ અને તેના ઉપર આવેલા શહેર.

નદીઓના નામ.	તેનાપર આવેલાં શહેર, કસ્બા.
૧ બનાસ.	રાધણપુર ડીસા વગેરે છે.
૨ સરસ્વતી.	પાટણ, સિદ્ધપુર, દાંતા, વગેરે.
૩ સાબરમતી.	અમદાવાદ, સાદરા, પેથાપુર.
૪ મેશ્વો.	હરસોળ.
૫ ખારી.	દેસાસણ, જાલપુર.
૬ વાત્રક.	મેમદાવાદ.
૭ શેઢી	ખેડા, ડાકોર, વાડાશીનોર.
૮ વિશ્વામિત્રી.	વડોદરા.
૯ મહી.	ખંભાત, લુણાવાડા.
૧૦ ઢાઢર.	ટંકારીઆ બંદર, (નાદોદવગેરે)
૧૧ નર્મદા.	ભરૂચ, આનોદ, કન્યાળી.
૧૨ કીમ.	ખલાવ, કઠોદરા વગરે.

૧૩ તાપિ.	સુરત બ્રાહાનપુર, રાંદેર.
૧૪ મીંઢોળા.	બારડોલી, વ્યારા વગેરે કસ્બા.
૧૫ પૂર્ણા.	નવસારી, બુહારી, વાલોડ.
૧૬ અંબિકા.	બીલીમોરા કરીગઈછે.
૧૭ કાવેરી.	ચીકલી કરીગઈછે.
૧૮ ઔરંગા.	વલસાડ કરીગઈછે.
૧૯ પાર.	પારનેરા ડુંગરી ઓળંગીગઈછે.
૨૦ કોલક.	બગવાડા કરીગઈછે.

૨૧ દમણગંગા નામા. દમણ આગળ થઈછે. ફિરંગીરાજનુ
જે રહ્યાનુંછે.

પ્રકરણ પેહેલું.

એશિઆ ખંડનું સાધારણ જ્ઞાન.

એશિઆ ખંડની સીમા—ઉત્તરમાં—ઉત્તર મહાસાગર. પૂર્વમાં—પાસિફિક મહાસાગર. દક્ષિણમાં—હિંદી મહાસાગર. પશ્ચિમે—યુરેલિયન પર્વત, યુરલ નદી, કાસ્પિઅન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળો સમુદ્ર, મારમોરાનો સમુદ્ર, આર્કિપેલેગો, ભૂમધ્ય સમુદ્ર, સુએજની નહેર અને રાતો સમુદ્ર.

સ્વેજની નહેરને ઠેકાણે પેહેલાં સ્વેજની સંયોગી ભૂમિ હતી. તેથી યુરોપખંડમાંથી વહાણો બારોબાર આ દેશમાં આવી શકતાં નહી, તેમ આ દેશમાંથી ત્યાં જઇ શકતાં નહી અને ઘણી અડચણ પડતી. માટે ફ્રેંચ લોકોએ એ સ્વેજની સંયોગી ભૂમિ સને ૧૮૬૯ માં ખોદી નાખી, સ્થળને ઠેકાણે જળ કરી દુનિયામાં અમર કીર્તિ કરીછે. હાલ એ સ્વેજની નહેરથી લાલ સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર જોડાઇ ગયાછે. એમાંથી મોટાં મોટાં વહાણો જાય છે.

એશિઆ ખંડમાં ૧૨ દેશ છે.

	દેશ	લોક.
૧	અફગાનીસ્તાન......	અફગાન અથવા પઠાણ.
	બલુચિસ્તાન	બલુચિ.
૨	ઇરાન	ઇરાની અથવા પારસી.
૩	આરબસ્તાન	આરબ.
૪	તુર્કસ્તાન	તુર્કી અથવા તુરક.
૫	તાતાર	મોગલ.
૬	રુશિઆ	રુશિઅન અથવા રૂશ.
૭	જાપાન	જાપાની.
૮	ચીન	ચીના.
૯	તિબેટ	તિબેટ.
૧૦	શિઆમ...........	શિઆમી.
૧૧	બ્રહ્મ દેશ.........	બ્રહ્મી.

૧૨ હિંદુસ્તાન......... હિંદુ લોક

ઉત્તરમાં—રૂશિઆ.
પુર્વમાં { જાપાન, ચીન અને ચીનાઈ તાર્તરી
દક્ષિણમાં { હિંદુસ્તાન, બ્રહ્મ દેશ ને શિયામ.
પશ્ચિમે-અરબસ્તાન, તુર્કસ્તાન
ના મધ્ય ભાગમાં—અફગાનીસ્તાન, ઇરાન, તાતાર, ટિબેટ અને ચીનાઈ.

દેશ.	રાજધાનીઓ અને મુખ્ય શેહેર.
અફગાનીસ્તાન	કાબુલ રાજધાની કાબુલ નદી ઉપર કંદહાર, પેશાવર ને ગીઝની.
બલુચિસ્તાન	ખિલાત.
ઇરાન	તેહેરાન રાજધાની. ઇસ્પાહાન ને શિરાઝ.
અરબસ્તાન	મક્કા રાજધાની, મદીના, મસ્કત મોખા અને એડનબંદર.
તુર્કસ્તાન	અલેપો રાજધાની, બગદાદ, બસરા જેરૂસલમ, ને સ્મિર્ના.
તાતાર...............	બુખારા રાજધાની, બલખ, અને ખીવ વેપારનું ઠેકાણું.
રૂશિઆ	ટોબોલસ્ક ઓબી નદી ઉપર.
જાપાન	જેડો રાજધાની નીફોન બેટમાં.
ચીન	પેકીન રાજધાની પીહો નદી ઉપર નાનકીન, કંતાન બંદર.
ટિબેટ	લાસા રાજધાની સાંપુ નદી ઉપર
શિઆમ	બાંકોક રાજધાની, મીનામ નદીને કાંઠે.

બ્રહ્મદેશ…… ……	આવા રાજધાની, અમરપુર, પેગુ અને રંગુન બંદર.
હિંદુસ્તાન ………	કલકત્તા રાજધાની હુગલી નદીને કાંઠે, મુંબઈ, મદ્રાસ, આગ્રા, દીલી અમદાવાદ, સુરત, ભરૂચ

મુખ્ય સમુદ્ર.

રાતો સમુદ્ર—એ અરબસ્તાન તથા આફ્રિકાની વચ્ચે છે.

આરબી સમુદ્ર—એ અરબસ્તાન તથા હિંદુસ્તાનની વચ્ચે છે

ચીનાઈ સમુદ્ર—એ ચીન દેશની દક્ષિણમાં છે.

પીળો સમુદ્ર—એ ચીન તથા કોરીઆની વચ્ચે છે.

જાપાની સમુદ્ર—એ ચીનાઈ તાર્તરી અને જાપાનના બેટોની વચ્ચે છે,

ઓખોટસ્કનો સમુદ્ર—એ સૈબીરિઆ અને કામસ્કાટ્કાની વચ્ચે છે.

કામસ્કાટકાનો સમુદ્ર—એ કામસ્કાટ્કા અને અમેરિકાની વચ્ચે છે.

મુખ્ય અખાત અને ઉપસાગર.

અરબી અખાત—એ આરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે.

ઇરાની અખાત—એ ઇરાન તથા અરબસ્તાનની વચ્ચે છે

કચ્છનું અખાત
ખંભાતનું અખાત } હિંદુસ્તાનની પશ્ચિમે.

મનારનું અખાત—હિંદુસ્તાનની દક્ષિણે.
બંગાળાનો ઉપસાગર—એ હિંદુસ્તાન અને બ્રહ્મદેશની
વચ્ચે છે.
માર્ટાબાનનું અખાત—બ્રહ્મ દેશની દક્ષિણે.
શિઆમનું અખાત—શિઆમની દક્ષિણે.
ટાંકિનનું અખાત—શિઆમની પૂર્વમાં.
ઓબીનું અખાત—રૂશિઆની ઉત્તરે.
અનાદીરનું અખાત—રૂશિઆની પશ્ચિમે.

મુખ્ય પર્વત.

હિંદુકુશ—એ અફગાનીસ્તાનની ઉત્તરે અને તાતારની
દક્ષિણે.
હોરેબ ને સીનાઈ—અરબસ્તાનમાં.
કાકેસસ—તુર્કસ્તાનના ઇશાન ખુણામાં.
તૌરસ—એ તુર્કસ્તાનના મધ્ય ભાગમાં.
યુરલ—રૂશિઆની પૂર્વમાં.
આલતાઈ—રૂશિઆની દક્ષિણે.
કૈલાસ—ટિબેટની ઉત્તરે.
હિમાલય—ટિબેટની દક્ષિણે.

હિંદુસ્તાનના મુખ્ય પર્વત.

હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે.
શિવાલીક પાહાડ—નેપાલ ને ભુતાનની દક્ષિણે છે.
વિંધ્યાચળ ને સાતપુડ—હિંદુસ્તાનના મધ્ય ભાગમાં.

પુર્વઘાટ—પૂર્વ કાંઠા તરફ ઉત્તર દક્ષિણ પડેલો છે.
પશ્ચિમ ઘાટ (સહ્યાદ્રિ)—પશ્ચિમ કાંઠાપર ઉત્તર દક્ષિણે પડેલો છે.

મુખ્ય નદીઓ.

યુફ્રેતીસ ને તૈગ્રિસ—તુર્કસ્તાનમાં—એ બંને તૌરસ પર્વતમાંથી નીકળીને બસરા આગળ એકઠી મળી ઇરાની અખાતને મળેછે.

જીહૂન અને સિહૂન—સ્વતંત્રતાતારમાં—એ બંને એરલ સરોવરને મળે છે.

સેગેલિઅન અથવા આમુર—એ ચીનાઇ તાતારમાં થઇને ઓકોટસ્કના સમુદ્રને મળેછે.

ઓબી, એનીસી ને લીના—રૂશિઆમાં—એ ત્રણે આલ્તાઇ પર્વતમાંથી નીકળીને ઉત્તરમાં ઉત્તર મહાસાગરને મળેછે.

હોઆંગહો અને યાંગસિકયાંગ—ચીનમાં—એ બંને ટિબેટના પહાડમાંથી નીકળીને પીળા સમુદ્રને મળે છે.

સિંધુ—ટિબેટમાં—એ સ્વતંત્ર ટિબેટના પહાડમાંથી નીકળીને આરબી સમુદ્રને મળે છે.

બ્રહ્મપુત્ર અથવા સાંપુ—ટિબેટમાં—એ ચીનાઇ ટિબેટનાં પહાડમાંથી નીકળીને બંગાળાનાં ઉપસાગરને મળે છે.

મેનામ નદી—સિઆમમાં—એ સિઆમના અખાતને મળે છે.

ઈરાવતી—બ્રહ્મદેશમાં—એ ટિબેટના પહાડમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

હિંદુસ્તાનની મુખ્ય નદીઓ.

બ્રહ્મપુત્ર—એ બંગાળાના ઉપસાગરને મળે છે.

ગંગા—એ હિમાલયમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

જમનાં—એ હિમાલયમાંથી નીકળીને ગંગાને મળે છે.

મહાનદી—એ સાતપુડમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે,

ગોદાવરી, કૃષ્ણા ને કાવેરી—એ સહ્યાદ્રિમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

નર્મદા અને તાપી—એ સાતપુડમાંથી નીકળને ખંભાતના અખાતને મળે છે.

મુખ્ય સરોવરો.

કાસ્પીઅન, એરલ.	તાતાર દેશમાં.	ઉરૂમીઆ	ઈરાનમાં.
બૈકલ	રુશિઆમાં.	ટેંગીનોર, માન સરોવર, રાવણ હૃદ, પાલટી	ટિબેટમાં.
વ્હાન, મૂત	તુર્કસ્તાનમાં.		

મુખ્ય સામુદ્રધુનીઓ.

બહેરીંગની—એશીઆ તથા અમેરિકાની વચ્ચે.

તાતારની—તાતાર દેશ તથા સઘેલીયન બેટની વચ્ચે.
કોરીઆની—કોરીઆ તથા જાપાની બેટોની વચ્ચે.
મલાક્કાની—સુમાત્રા તથા મલાયાની વચ્ચે.
પાકની—હિંદુસ્તાન તથા લંકા બેટની વચ્ચે.
ઓર્મઝની—ઈરાની અખાત અને આરબી સમુદ્રની વચ્ચે.
બાબલમાંડબની—લાલ સમુદ્ર અને આરબી સમુદ્રની વચ્ચે.
સંડાની—સુમાત્રા ને જાવાની વચ્ચે.
મેકેસર—બોર્નીઓ અને સેલીબીસની વચ્ચે.
સંગાર—નીફોન અને યસોની વચ્ચે,
લપેરૂઝ—યસો અને સઘેલીઅનની વચ્ચે.

મુખ્ય સંયોગી ભુમિ.

ક્રાની—શિઆમ તથા મલાયાની વચ્ચે,

મુખ્ય ભુશિર.

પૂર્વ ભુશિર—રશિઆની છેક પૂર્વમાં.
લોપાટકા—કામસ્કાટકાની દક્ષિણે.
રોમાનીઆ—મલાયાની દક્ષિણે.
નાગ્રેસ—બ્રહ્મ દેશની દક્ષિણે.
કન્યા કુમારી ને રામ ભૂશિર—હિંદુસ્તાનની દક્ષિણે.
રાસલહદ—આરબસ્તાનની પૂર્વમાં.

અફગાનીસ્તાન.

મુખ્ય શહેર—કાબુલ એ રાજધાની કાબુલ નામની નદી ઉપર છે. એ શિવાય બીજાં શહેર—કંદહાર, હિ-

બાવર, ગિઝની, હેરાત, અને જલાલાબાદ.

મુખ્ય પર્વત—ઉત્તરમાં હિંદુકુશ અને પૂર્વમાં સુલેમાન પર્વત છે.

મુખ્ય નદી—કાબુલ, એ અટક શેહેર આગળ સિંધુને મળેછે.

આ દેશના લોકને અફગાન અથવા પઠાણ કહે છે. તેઓ ઘણા બહાદુર અને લડવૈયા છે. તેઓ મુસલમાની ધર્મ પાળે છે. તેઓની ઘણી જાતો છે. દરેક જાત અથવા ટોળીના લોક પોતાના ખાનનો કે મુખ્ય સરદારનો હુકમ માને છે. આ દેશમાંથી પ્રથમ ગિઝની શેહેરનો સુલતાન મહમદ, જે ઘણો ધર્માભિમાની હતો, તેણે હિંદુસ્તાન ઉપર બાર સ્વારીઓ કરી હતી. તેમાં છેલ્લી સ્વારી ઈ. સ. ૧૦૨૪ માં સોરઠી સોમનાથ ઉપર કરી. મહાદેવનું લીંગ ભાગી તથા આખું દેવસ્થાન લુંટી ને કરોડો રૂપિયા પોતાને દેશ લેઇ ગયો હતો. આ દેશના રાજાને અમીર કહેછે.

મુખ્ય વેપારની જણસો—ઘોડા તથા મેવો.

બલુચીસ્તાન.

(બલુચીસ્તાન હાલમાં અફગાનીસ્તાનથી સ્વતંત્ર છે.)

મુખ્ય શેહેર—ખીલાત.

બલુચી લોક મુસલમાની ધર્મ પાળે છે. તેઓ રીતભાતમાં અફગાન જેવા છે, પણ જરા થોડા સુધરેલા છે. અહીંના રાજાને પણ અમીર કહે છે.

મુખ્ય વેપારની જનસો—ચામડાં તથા ઊન.

ઈરાન.

મુખ્ય શેહેર—તેહેરાન એમાં ઈ. સ. ૧૭૯૦ થી રાજધાની થઈ છે.

ઈસ્પાહાન—એ જુની રાજધાની મધ્ય ભાગમાં છે.

શિરાજ—એ સાદી નામના ફારસી કવિની જન્મ ભૂમિ એમાં પીવાનો દારૂ સારો થાય છે.

યજદ—એમાં રેશમ, ઉન અને સુતરનાં કારખાનાં છે અને જરતોસ્તી ધર્મ પાળનાર એટલે દેવતાને પૂજનારા પારસીઓની વસ્તી હજી એમાં છે.

ઉરૂમિઆ—એ [illegible] નામના સરોવર ઉપર, એમાં દેવતાને પૂજનારા પારસી લોકોના પેગંબર જરતોસ્ત ઈ. સ. [illegible] જન્મ્યો હતો.

મુખ્ય [illegible]—[illegible] તથા અરબસ્તાન [illegible] છે.

મુખ્ય [illegible]—[illegible] ઈરાની અખાતમાં છે તેમાં મોતી [illegible] છે. [illegible] ઓર્મજ.

મુખ્ય સરોવર—ઉરૂમિઆ, એ વાયવ્ય ખુણામાં છે.

આ દેશના લોકને ઇરાની લોક કહે છે. તેઓ આનંદી ચંચળ અને ઉદ્યોગી છે. તેઓ ફારસી ભાષા બોલે છે. પારસી લોકનો અસલ દેશ ઈરાન, પણ તેમને અરબસ્તાનના મુસલમાન લોકોએ મારી કાડ્યા, તેથી તેઓ (૧૧૦૦) વરસપર હિંદુસ્તાનમાં આવીને રહ્યા. હાલ આ દેશમાં મુસલમાની ધર્મ ચાલે છે. પણ ઘણા ખરા હજી દેવતાને પૂજનારા છે. આ દેશના રાજાને શાહ કહે છે.

મુખ્ય વેપારની જણસો—રેશમી, સૂતરાઉ અને ઉન-ના ગલીચાં, શેતરંજી, અતર, કેસર, સોનામુખી, રવાએ પીવાનો દારૂ, આરસપાહાણ અને ઘણી જાતનો મેવા પર-મુલક જાય છે. તલવાર, કટાર વગેરે હથિઆર સારા થાય છે. આ દેશમાંથી નપ્તેલ ઘણું નીકળે છે. એ સિવાય ઇરાની ઘોડા ને કુતરા ઘણા કીમતી ગણાય છે.

આરબસ્તાન.

મુખ્ય શેહેર—મક્કા, એ રાજધાની એમાં મુસલ-માન લોકનો પેગંબર મહમંદ ઇ. સ. ૫૬૯ માં જન્મ્યો હતો, તેથી એ શેહેરને પવિત્ર ગણી બધા દેશમાંથી મુસલમાન લોકો ત્યાં હજ (જાતરા) કરવા જાયછે. અ-હીઆં મુસલમાની ધર્મની મુખ્ય મસીદ છે. તેમાં બીજા ધર્મના લોકને પેસવા દેતા નથી.

મદીના—એમાં મહમદ પેગંબર ઇ. સ. ૬૩૨ માં મરણ પામ્યો હતો, તેથી એની કબર છે. ઇ. સ. ૬૨૨ માં મહમદ મક્કેથી નાશીને આ શેહેરમાં આવ્યો ત્યારથી તેનો હીજરી સન ચાલુ થયો ગણાયછે. તેને આજ (૧૨૫૫) વરસ થયાં.

જીડા—એ રાતા સમુદ્ર ઉપર મોટું બંદર છે.

મસ્કત—એ અખાતના મુખમાં મોટું બંદર છે. ત્યાંથી દાડમ વગેરે મેવા આવે છે.

મોખા—એમાં ઘણો સારો બૂન થાયછે.

એડન બંદર—એ અંગ્રેજ સરકારને તાબે છે. ત્યાં

આગળ મુંબઈથી અને હિંદુસ્તાનથી જતી આવતી આગબોટો ઉતારો કરે છે.

મુખ્ય પર્વત—હોરેબ અને સીનાઈ.

મુખ્ય અખાત—અરબી અખાત એ આરબ-સ્તાન તથા આફ્રિકાની વચ્ચે છે.

મુખ્ય સામુદ્રધુની—બાબલમાંડબની સામુદ્રધુની એ આરબી અખાત અને હિંદી મહાસાગરને જોડે છે.

મુખ્ય ભૂશિર—રાસલહદ એ આરબસ્તાનનું પૂર્વ બિંદુ છે.

મુખ્ય બેટ—બેહેરીનબેટ એની આસપાસના દરિઆમાં મોતી પાકે છે માટે પ્રખ્યાત છે. બીજો સોકોટ્રા.

આ દેશ મોટો છે ખરો, પણ દરિઆ કિનારાપરની જમીન ફળદ્રુપ છે. મધ્ય ભાગમાં મોટાં મોટાં રેતીનાં રણ અને ડુંગરી પ્રદેશ છે. આ દેશના લોકને આરબ કહે છે. તેઓ અરબી ભાષા બોલે છે અને મુસલમાની ધર્મ પાળે છે, તેઓ ઘોડાની સ્વારી કરવામાં અને હથિઆર વાપરવામાં ઘણા બાહાદુર અને ચાલાક છે. પરોણાની ચાકરી કરવામાં તેઓ ઘણા સભ્ય અને દયાળુ છે. તેઓમાંના કેટલાક ખેતી કરે છે. કેટલાક તો ટોળીઓબંધ તેમનાં ઢોર ઢાંક સાથે લઈ એક સ્થળેથી બીજે સ્થળે જઈ તંબુ નાખી ભટકતા ફરે છે, ને લાગ ફાવે વેપારીઓના કાફલાને લૂટે છે. તે દરેક ટોળીને માથે એકેકો સરદાર હોય છે, તેને શેખ, શરીફ, ઇમામ કે અમીર કહે છે.

મુખ્ય વેપારની જણસો—આ દેશમાં ઘોડા ઘણાજ સારા થાય છે. તેઓ દોડવામાં ઘણા ચપળ હોયછે, ઊંટ અને સાંઢણીઓ પણ સારી થાયછે. એશિવાય ઊન ને ઘણી જાતના ગુંદર.

તુર્કસ્તાન.

મુખ્ય શેહેર—અલેપો એ રાજધાની.

સ્મર્ના—એ યુરોપના વેપારનું મથક છે.

બગદાદ—એ તૈગ્રિસ નદી ઉપર એમાં ખલીફ એટલે મુસલમાની ધર્મના મુખ્યની રાજધાની હતી.

બાસરા—એ યુફ્રેટીસ અને તૈગ્રિસના સંગમ ઉપર વેપારનું મુખ્ય ઠેકાણું એની પાસેના ઇરાની અખાતમાં સારા મોતી પાકે છે.

જેરૂસાલમ—એ શેહેરને ખ્રીસ્તી લોકો ઘણું પવિત્ર ગણેછે તેથી વરસો વરસ હજારો ગાઉથી ખ્રીસ્તી લોકો અહીં જાતરા કરવા આવેછે. યાહુદી લોકોએ ઈસુખ્રીસ્તને આજ શેહેરમાં શૂળીએ ચઢાવ્યો હતો. આ શેહેરમાં આરબ લોકોએ બંધાવેલી ઓમરની મશીદ છે. તે ઘણી સુંદર ને જોવા લાયક છે. આ મશીદને મક્કાની મશીદ જેટલીજ મુસલમાનો પવિત્ર ગણે છે.

તૈગ્રિસ નદી ઉપરનું નિનેવે અને યુફ્રેટીસ નદી ઉપરનું બાબિલન એ પૂર્વે આશિરિઆના રાજ્યની રાજધાનીનાં શેહેરો હતાં. એ શેહેરના નૈનસ નામના રાજાએ ભરત ખંડ જીતી લીધો હતો એવું કહેવાય

છે. નૈનસની રાણી સેમિરામિસે બાબિલન શેહેરની શોભા ઘણી વધારી હતી. એ શેહેરની શોભાનું વર્ણન હિરોડોટસે નીચે પ્રમાણે કરેલું છે.

બાબિલન શેહેર યુફ્રેતીસ નદીના બંને કાંઠાપર બાંધેલું હતું, અને નદીપર પુલ બાંધીને શેહેરના બંને ભાગો જોડી લીધા હતા. શેરો ત્રણ ચાર ગાળનાં અને શેરીઓ સાંકડી હતી. શેહેરને ફરતો મોટો કોટ અને ઊંડી ખાઈ હતી. શેહેરમાં જવા આવવાને પીતળના સો દરવાજા હતા. કિલ્લાની ભીંત ૩૯૫ ફુટ ઊંચી હતી અને છ ગાડીઓ સાથે જાય એવી જાડી હતી! એમાં ૧૦ લાખ માણસની વસ્તી હતી. એમાં ઇ. સ. પૂર્વે ૩૨૩ માં યુનાન દેશનો સિકંદર બાદશાહ મરણ પામ્યો હતો. એવું શેહેર હાલ ઉજડ થઇ ગયું છે, પણ તેની જુની કીર્તિ પ્રમાણે જોવા લાયક જુનાં ખંડેરો ઘણાં છે. તે ઠેકાણે હાલ હીલાહ કરીને શેહેર છે.

મુખ્ય પર્વત—કાકેસસ. એ ઇશાન ખુણામાં અને તૈગ્રિસ મધ્ય ભાગમાં છે.

મુખ્ય નદીઓ—યુફ્રેતીસ અને તૈગ્રિસ એ બંને તૈરસ પર્વતમાંથી નીકળીને બસરા આગળ ભેગી થઇ દક્ષિણમાં ઇરાની અખાતને મળે છે.

જોર્ડન નદી—એ મૃત સરોવરને મળે છે.

મુખ્ય સરોવર—વ્હાન સરોવર, એ કુર્દીસ્તાનમાં વ્હાન શેહેરની પાસે. મૃત સરોવર, એ પાલેસ્ટાઇનમાં

છે. એમાં માછલાં જીવતાં નથી અને એને કિનારે ઝાડ પણ થતાં નથી.

તુર્કસ્તાનની હવા સુખ કરતા અને જમીન રસાળ છે. આ દેશ પૂર્વે ઘણો નામીચો હતો, અને જુનિ દુનિયાના ઇતિહાસમાં પંકાયલાં શેહેરો આજ દેશમાં હતાં. તેમાંથી કેટલાંકનાં ખંડેરો હાલ જોવામાં આવેછે અને બીજાં છેક નાશ પામ્યાંછે. આ દેશના સીરિઆ પ્રાંતની દક્ષિણમાં પાલેસ્ટાઇન છે તેમાં પૂર્વે જ્યુ એટલે યાહુદી લોકો રહેતા. તેઓ દુનિયાના દરેક ભાગમાં જઇ વસ્યા છે. કાચનો શોધ પ્રથમ આજ દેશમાં થયો એવું કહેવાયછે. આ દેશના લોક તુરક કહેવાય છે, પણ મૂળ મોગલ વંશના છે. તેઓ મુસલમાની ધર્મ પાળે છે. આ દેશ યૂરોપ ખંડના તુર્કસ્તાનના સુલતાનને તાબેછે.

મુખ્ય વેપારની જણસો—આ દેશમાં અંગોરા નામનાં બકરાં થાયછે. તેમના વાળની સારી કામળીઓ બને છે. એ શિવાય બીજું રેશમી તથા સૂતરાઉ કાપડ, ગલીચા, રૂબાર્બ નામની, ઓષધી, ઘોડા અને ચામડાં.

તાતાર દેશ.

આ દેશના હાલ ત્રણ ભાગ છે. તેમનાં નામ-સ્વતંત્ર તાતાર, ચીનાઇ તાતાર (અથવા ચીનાઇ તાર્તરી) અને રૂશિઅન તાર્તરી.

સ્વતંત્ર તાતાર.

મુખ્ય શેહેર—બુખારા એ રાજધાની એમાં ૧૯૦૦૦૦ માણસની વસ્તી છે. આ શેહેરમાં મુસલમાની ધર્મની પાઠ શાળાઓ અને મસીદો ઘણી છે.

બલખ—એ પૂર્વે ઈરાનના રાજ્યની રાજધાનીનું શેહેર હતું. પારસી લોકનો પેગંબર જરતોસ્ત, તેણે આજ શેહેરમાં પોતાનો ધર્મ પ્રગટ કર્યો હતો. વળી કેટલાકના કહેવા પ્રમાણે આ શેહેર એ જરતોસ્ત પેગંબરની જન્મ ભુમિ ગણાયછે.

ખીવ—એ જીહુન નદી ઉપર વેપારનું ઠેકાણું છે.

મુખ્ય પર્વત—હિંદુકુશ એ દક્ષિણ દિશામાં આવેલો છે.

મુખ્ય નદીઓ—જીહુન (આમૂ) અને સિહુન એ બંને એરલ સરોવરને મળે છે.

મુખ્ય સરોવર—કાસ્પિઅન એ પશ્ચિમ દિશામાં. એ આખી પૃથ્વી ઉપર મોટામાં મોટું ખારા પાણીનું સરોવરછે.

એરલ—એ તાતારની ઉત્તરમાં. આ બંને સરોવર ઘણાં મોટાં અને તેમનું પાણી ખારૂં તેથી તેઓ કોઈ વખત સમુદ્રમાં ગણાય છે.

આ દેશના લોકને મુગલ અથવા મોગલ કહે છે તેઓ મુસલમાની ધર્મ પાળેછે. તેમાંના ઘણા ખરા ઘર બાંધી એક સ્થળે રહેતા નથી, પણ આરબોની પેઠે તેમનાં ઢોર સાથે લઇને ભટકતા ફરેછે. જંગીસખાં અને

તૈમુર એ બન્ને દુષ્ટ લુટારાઓ આ દેશના વાશી હતા. જંગીસખાંએ હિંદુસ્તાનપર ચડાઇ કરી સિંધુ નદી આગળ દશ હજાર હિંદુઓને પકડી મારી નાંખ્યા હતા અને તૈમુરે ઇ. સ. ૧૩૯૭ માં હિંદુસ્તાનપર ચડાઇ કરી દીલ્લી વગેરે ઘણાં શેહેરો લુટીને તથા બાળીને લાખો માણસને કતલ કર્યાં હતાં. એ તૈમુરની વંશના મોગલોએ આંહી હિંદુસ્તાનમાં બાદશાહી ભોગવી. તેમાં સૌથી સરસ બાદશાહ અકબર થઇ ગયો.

મુખ્ય વેપારની જણસો—રેશમ, સાકર, રૂ, ઊન, ઢોર, ઘોડા અને ઘેટાના ચામડાં.

ચીનાઈ તાર્તરી.

મુખ્ય શેહેર—યારકંદ, એ એજ નામની નદીને કાંઠે છે. એમાં એક લાખ માણસની વસ્તી છે ને વેપાર સારો ચાલે છે. અહીં ચીનાઇ ગવર્નરની ગાદી છે.

કાશગર—એમાં મુસલમાન અને ચીના લોકની વસ્તી છે.

મુખ્ય પર્વત--આલ્તાઇ એ રૂશિઆ તથા ચીનાઇ તાર્તરીની વચ્ચે છે.

મુખ્ય નદીઓ—સગેલીઅન અથવા આમુર એ આલ્તાઇ પર્વતમાંથી નીકળીને ઓકોટસ્કના સમુદ્રને મળે છે.

મુખ્ય રણ—આ દેશના દક્ષિણ ભાગમાં ગોબી નામે મોટું રેતીનું રણ છે. તે ૧૪૦૦ મૈલ લાંબુ

અને ૧૦૦ મૈલ પહોળું છે.

મુખ્ય શેહેર—ઊરગા.

મુખ્ય પર્વત—અગેલીઆન પૂર્વ દિશાએ છે.

મુખ્ય દ્વીપકલ્પ—કોરીઆનો દ્વીપકલ્પ.

આ દેશના લોક પણ મોગલ કહેવાય છે. તેઓને એક સ્થળે રહેવું ગમતું નથી આ દેશના કેટલાક લોક મુસલમાની ધર્મ પાળે છે. તેઓની ભટકતી ટોળીઓ તેમનાં ઢોર અને ઘોડા સાથે લઇ જ્યાં ચારો મળે ત્યાં તંબુ નાખી ફરતા ફરેછે. તેઓ ઘણું કરીને દુધ અને ઘોડાનું માંસ ખાઇને રહેછે. દરેક ટોળીના સરદારને ખાન કહે છે. તે ચીનના બાદશાહને ખંડણી આપે છે. આ દેશના લોકોએ ઇ. સ. ૧૬૪૪ માં ચીન [illegible] જીતી લીધો ત્યારથી તેઓ ત્યાં રાજ કરેછે આ દેશ ચીનના બાદશાહને તાબે છે.

રૂશિઆનું તાર્તરી—રૂશિઆએ તાતારનો કેટલોક ભાગ જીતી લીધો છે તેને રૂશિઆનું તાર્તરી કહે છે.

મુખ્ય શેહેર—તાશ્કંદ અને બીજું સમરકંદ એમાં તૈમુરલંગની રાજધાની હતી. તેમાં હાલ એની કબર છે.

રૂશિઆ દેશ.

આ દેશને સૈબીરિઆ પણ કહેછે. આ દેશ એશિઆ ખંડના બધા દેશો કરતાં લંબાઇ પહોળાઇમાં મોટો છે, પણ તેના પ્રમાણમાં વસ્તી ઘણી થોડીછે એના બે ભાગ છે, પૂર્વ સૈબીરિઆ અને પશ્ચિમ સૈબીરીઆ.

મુખ્ય શેહેર— ટોબોલસ્ક એ પશ્ચિમ સૈબીરિઆની રાજધાની ઓબી નદી ઉપર, એમાં એટલી બધી ટાઢ પડે છે કે પારો પણ ઠરી જાય છે.

ઇર્કુટ્સ્ક—એ પૂર્વ સૈબીરિઆની રાજધાની લીના નદી ઉપર એમાં પણ ટાઢ ઘણીજ પડે છે.

મુખ્ય પર્વત—આલ્ટાઇ પર્વત, એ સૈબીરિઆ ને ચોનાઇ તાર્તરીની વચ્ચે છે. યૂરલ પર્વત પશ્ચિમે છે એ બંને પર્વતમાંથી સોનું, રૂપુ નીકળે છે.

મુખ્ય નદીઓ—ઓબી, યેનીસી અને લીના એ ત્રણે આલ્ટાઇ પર્વતમાંથી નીકળીને ઉત્તર મહાસાગરને મળે છે.

મુખ્ય આખાત—ઓબીનું અખાત ઉત્તર મહાસાગરમાં છે. અને અનાદીરનું અખાત પાસિફિક મહાસાગરમાં છે.

મુખ્ય સરોવર—બેકલ એના જેવું મીઠા પાણીનું સરોવર એકે નથી.

મુખ્ય ભૂશિર—પૂર્વ ભૂશિર એ છેક પૂર્વમાં છે. લોપાટકા એ કામસ્કાટકાની દક્ષિણે.

આ દેશમાં કેટલાક દિવસ સુધી સૂરજ ઊગતોનથી તેથી રાત બહુ લાંબી હોય છે. ઘણી ટાઢ અને બરફ પડે છે. તેથી જમીનમાં કંઇ પાંકતું નથી. શિયાળામાં જ્યારે ઘણી ટાઢ પડેછે ત્યારે લોકો ભોંયમાં ભોંયરા કરીને રહેછે ચામડાનાં ડગલા પહેરે છે ને તાપવાને દેવતા રાખેછે આ દેશના લોકો ઘણા જંગલી ને અભણ છે, તેમને રૂશ અથવા રૂશિઅન કહે છે. તેઓ રૂશિઅન

બાષા બોલે છે. આ દેશમાં કેટલાક ગ્રીક ધર્મ પાળે છે કેટલાક મુસલમાની ધર્મ પાળે છે, અને કેટલાક મૂર્તિ પૂજક છે. આ દેશપર યૂરોપના રૂશિઆના બાદશાહનો અમલ ચાલે છે, તેને ઝાર કહેછે.

મુખ્ય વેપારની જણસો—સોનું, રૂપુ તથા જનાવરના વાળ.

જાપાન.

ચાર બેટ મળીને જાપાન દેશ થયો છે. તેમાં નિફોન અને જેસો એ બે મુખ્ય છે.

મુખ્ય શેહેર—જેડો, એ રાજધાની નિફોન બેટમાં છે. એમાં ૨૦ લાખ માણસની વસ્તી છે.

મિયાકો—એ અસલની રાજધાની એમાં વેપારનાં કારખાનાં છે.

નાગાસાકી—એ મુખ્ય બંદર છે.

આ દેશના લોકને જાપાની લોક કહે છે તેઓ રૂપમાં અને રીત બાતમાં તેમના પડોશી ચીના લોકને મળતા આવેછે. પણ કેટલીક બાબતમાં ચીના લોકને ટકર મારે એવા છે. તેઓ વિદ્યા તથા કળામાં ઘણાં કુશળ છે. તરવાર, ચીનાઈ વાસણ, અને રોગાનદાર સામાન એ લોકો સારો બનાવે છે. આ દેશ રસાળ છે એટલુંજ નહીં, પણ એમાં સોનું, રૂપું અને ત્રાંબું એ ધાતુઓની જબરી ખાણોછે. આ દેશના લોક બોદ્ધ ધર્મ પાળે છે; તેઓ ઘણા ચાલાક અને

સાહસિક છે. એશિઆ ખંડના બીજા દેશના લોક કરતાં તેઓ ઘણા હુશિયાર છે.

મુખ્ય વેપારના જણસો—સોનું, રૂપું, કપુર, રેશમી તથા સુતરાઉ કાપડ, ચીનાઈ વાસણ અને રોગાનદાર સામાન.

ચીનદેશ.

મુખ્ય શેહેર—પેકીન, એ ઉત્તર દિશામાં પીહો નદી ઉપર છે તેમાં ૨૦૦૦૦૦૦ (વીસ લાખ) માણસની વસ્તી છે. ચીનાઈ તાર્તરીના મોગલ લોકોએ ૨૦૦ વરસ ઉપર ચીન દેશ જીતી લીધો ત્યારથી એ શેહેરમાં રાજધાની થઈ છે. એના બે ભાગ પડેલા છે. ઉત્તર ભાગમાં મોગલ લોક રહે છે અને દક્ષિણમાં ચીના લોક રહે છે. આ શેહેરમાં ચોપડીઓ છાપવાના ને વેચવાનો ભારે વેપાર ચાલે છે.

નાનકિન—યાંગસિકયાંગ નદી ઉપર. એ શેહેરમાં રાજધાનીનું શેહેર હતું. તેમાં ૧૨૦૦૦૦૦ (બાર લાખ) માણસની વસ્તી છે. તેમાં રેશમ, સાટીન, કાગળ, અને શાહ બનાવવાનાં કારખાનાં છે.

કંતાન—એ કંતાન નદી ઉપર, દક્ષિણમાં મોટું બંદર છે. એ બંદરેથી હિંદુસ્તાનમાંથી અફીણ ચીન દેશમાં જાયછે. અને ચા, રેશમ, ચીનાઈ માટીના વાસણ, અને ચાંદી વગેરે કીંમતી ધાતુ પર મુલક જાય છે. એ શેહેરમાં જગ્યાની તંગાસને લીધે ઘણા લોકો નદીની અંદર વહાણ કે હોડીમાં ઘર કરી રહેલા છે,

તેથી નદીમાં જાણે શેહેર વસેલું હોય એમ લાગે છે. એ શેહેરમાં આશરે ૧૫૦૦૦૦૦ (પંદર લાખ) માણસની વસ્તી છે.

કીંગ ટી શીયાંગ—એમાં ચીનાઇ માટીના વાસણ બનાવવાનાં મોટાં કારખાનાં છે તેથી ૫૦૦ ભઠ્ઠીઓ રોજ બળ્યા કરે છે. એમાં ૧૦૦૦૦૦૦ (દશ લખ) માણસની વસ્તી છે,

મુખ્ય પર્વત--થિયન શાન.

મુખ્ય નદીઓ—હોયાંગ-હો અને યાંગ્‌સિકયાંગ એ બંને પાંસિફિક માહ સાગરને મળે છે.

મુખ્ય બેટ—ફારમોસા, હેનાન એ ચીનને તાબે છે. હાંગકાં બેટ, કંતાન નદીના મુખ આગળ તે અંગ્રેજ સરકારને તાબે છે.

પૃથ્વી ઉપરના બધા દેશો કરતાં આ દેશમાં વસ્તી ઘણી છે. આખી પૃથ્વી ઉપર જે વસ્તી છે તેનો ત્રીજો ભાગ એટલે આશરે ૩૫૦૦૦૦૦૦૦ (પાંત્રીશ કરોડ) માણસની વસ્તી ચીનમાંજ છે. આ દેશના લોકને ચીના લોક કહે છે. તેઓ ચીનાઈ ભાષા બોલે છે ને કળા કૌશલ્યના કામમાં ઘણા હોંશિયાર છે. કારણકે છાપવાની કળા, હોકાયંત્ર, અને બંદુકનો દારૂ ચીના લોકોએજ શોધી કહાડેલો જણાય છે.—

ઉંચા પ્રકારનું રેશમી કાપડ કરવામાં, સુશોભીત ભરત ભરવામાં, માટીનાં વાસણ કરવામાં, અને હાથી દાંત પર નકશી કોતરવામાં ચીના લોક યુરોપીયનોને ટક્કર મારે એવા છે.

ચીના લોકો કેવા ઉદ્યોગી અને આગ્રહી છે તે તેમનાં કરેલાં મહાભારત કામ ઉપરથી માલમ પડે છે. ચીનાઈ તાર્તરીના મોગલ લોક ચીન દેશપર ચડાઈ કરતા અટકે, માટે ચીના લોકે ચીનની ઉત્તરમાં ઇ.સ. પુર્વે ૨૦૦ વરસપર મોટી ભીંત બાંધેલી છે. તે ૧૨૦૦ મૈલ લાંબી, ૨૦ થી તે ૩૦ ફુટ ઉંચી, અને છ ઘોડેસ્વાર હારબંધ ચાલે એટલી પહોળી છે ! આ ભીંત દુનિયાના અચંબામાંનો એક જોવા લાયક અચંબો છે.

બીજું મોટું કામ એ કે ખેતીવાડી કરવામાં પાણીની તંગી ન પડે, માટે ૭૦૦ મૈલ લાંબી નહેર બાંધેલી છે.

ચીના લોકની કેટલીક રીતભાત ધીક્કારવા જોગ છે. તેઓ એમ સમજે છે કે, સ્ત્રીના પગ જેમ ટુંકા તેમ તે વધારે રૂપાળી ને ઉંચા કુળની ગણાય, માટે જ્યારે છોકરી જન્મે છે ત્યારે તેનાં માબાપ તે બાપડીના પગપર મજબુત પાટા બાંધે છે કે પગ વધે નહી. પણ આથી તે બાળકી એટલું દુઃખ પામે છે કે તે આપણાથી જોવાય પણ નહીં. વળી ઉંચા લોકમાં સ્ત્રી પુરૂષ બંને હાથનાં નખ ખુબ લાંબા વધવા દે છે. કારણ કે જેના નખ લાંબા તે શ્રીમંતીમાં ખપે છે.

ખાવા પીવામાં ચીના લોક જેવા કોઈ લોક ગંદા નથી. ઉંચી જાતના લોકતો બગલા વગેરે બીજા બેટમાંથી ખાવા લાયક પક્ષીના માળા મંગાવે છે. અને ગોકળ ગાય જેવા કીડાનો ભક્ષ કરે છે. પણ નીચ જાતના લોક શું નહીં ખાતા હોય તેનો વિચાર કરવો કઠણ છે, તેમને તો કશું એ નકામું નથી. કુતરાં, બીલાડાં,

ઉંદર, કોળ, કીડા, અને બધી જાતનાં જનાવરનો ભક્ષ કરે છે. પણ ઘણું કરીને બધી જાતના લોક ચોખા ખાય છે ને અફીણ પીએ છે.

ખાવા પીવામાં ચીના લોક ગમે તેવા ગંદા છે, પણ માબાપને માન આપવાની રીત તેમનામાં સારી પ્રસરેલી છે. તે એટલે સુધી કે માબાપને અપશબ્દ કહેવો એ મોટો ગુન્હો ગણાય છે. ચીના લોકો કહેછે કે અમારૂ રાજ્ય તો સ્વર્ગનું છે, અને અમારા બાપદાદાએ જે કર્યું છે તે સંપૂર્ણ છે, તેથી તેઓ સુધરવા નથી.

ચીનમાં સ્ત્રી અને પુરૂષો એકજ ધારી પોશાક પહેરે છે. તેઓની ચામડીનો રંગ પીળચટો; ને નાક ચપટાં હોય છે. ચીના લોક માથે લાંબી લાંબી ચોટલીઓ રાખે છે. તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે. તેમનો ધર્મ ગુરૂ કુંગફુત્સી (કનફ્યુશીઅસ) ઇ. સ. પૂર્વે ૪૭૯ વરસપર થઇ ગયો તેના કરેલા ગ્રંથોને તેઓ બહુ માન આપે છે. આ દેશના રાજાને બાદશાહ કહે છે તે પેકીનમાં રહે છે. દુનિયાની બધી ભાષાઓ કરતાં ચીનાઇ ભાષા ઘણી અઘરી છે, કારણકે એમાં દરેક શબ્દને માટે જૂદી જૂદી નીશાની યાદ રાખવી પડે છે. એવી ૩૦૦૦૦ હજાર નીશાનીઓ છે.

મુખ્ય વેપારની જણસો—ચા, ખાંડ, સાકર, રેશમ, ચાંદી, કપુર, મનોહર રેશમી કાપડ, સુતરાઉ કાપડ, રમકડાં, ચીનાઇ વાસણ, મખમલ, સાટીન, કાગળની અને રેશમની છત્રીઓ ફટાકાની પેટીઓ ઇત્યાદિ.

ટિબેટ.

આ દેશના બે ભાગ છે. એકનું નામ ચીનાઈ ટિબેટ અને બીજાનું નામ સ્વતંત્ર ટિબેટ.

મુખ્ય શેહેર—લાસા, એ ચીનાઈ ટિબેટની રાજધાની સાપુ નદી ઉપર છે. તેમાં બૌદ્ધ ધર્મનો મુખ્ય આચાર્ય મહાલામા રહે છે. તેથી એ શેહેર બૌદ્ધ ધર્મનું પવિત્ર ધામ ગણાય છે. એશિઆ ખંડના જે જે દેશોમાં બૌદ્ધ ધર્મ ચાલે છે ત્યાંથી હજારો લોક આ શેહેરમાં જાતરા કરવા આવે છે.

લાડક અથવા લેહ—એ સ્વતંત્ર ટિબેટની રાજધાની.

મુખ્ય પર્વત—હિમાલય, એ ટિબેટ તથા હિંદુસ્તાનનીવચ્ચે છે.

કૈલાસ —એ ટિબેટની ઉત્તરે છે.

મુખ્ય નદીઓ—સિંધુ, એ સ્વતંત્ર ટિબેટના પહાડમાંથી નીકળીને હિંદુસ્તાનમાં થઈ આરબી સમુદ્રને મળે છે.

બ્રહ્મપુત્ર—ચીનાઈ ટિબેટના પહાડમાંથી નીકળીને હિંદુસ્તાનમાં આવી બંગાળાના ઉપસાગરને મળે છે.

મુખ્ય સરોવર—ટેગ્રીનૂર, માન સરોવર, રાવણહૃદ અને પાલટી.

આ દેશનાં લોકને ટિબેટી કહેછે. તેઓ ઘણું કરીને આપણા દેશના ભરવાડની પેઠે ભટકતા ફરે છે. આ દેશના લોકમાં જાતિ ભેદ નથી, તેઓમાં ચારપાંચ ભાઈ વચ્ચે એક બાઈડી પરણવાનો ચાલ છે. તેમની રીતભાત

તેમના પડોશી ચીનાઈ તાતેરીના તાતાર લોક જેવી છે તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે. કૈલાસ અને હિમાલયવિષે વારંવાર આપણા હિંદુ લોક બોલે છે તે આજ દેશમાં છે. આ દેશપર ચીનના બાદશાહની સત્તા છે.

મુખ્ય વેપારની જણસો—આ દેશનાં ઘેટાંના વાળ લાંબા ને રેશમ જેવા સુંવાળા છે. તેથી ઊન એ મુખ્ય વેપારની જણસ થઈ પડી છે. આ દેશનું ઘણું ઊન કાશ્મીર જાય છે. ત્યાં તેની સરસ શાલો બનાવે છે આ દેશમાં કસ્તુરી નીકળે છે. એ શિવાય અહીં સિંધવની અને સુરોખારની પણ ખાણો છે.

શિઆમ.

મુખ્ય શેહેર— બાંકોક, એ રાજધાની મીનામ નદીને કાંઠે છે. તેમાં ચાર લાખ માનસની વસ્તી છે. પણ અડધો ભાગ તો ચીના લોકનો છે. મીનામ નદી શેહેરના વચોવચ વહે છે. તેથી શેહેરના બે ભાગ પડેલા છે. ઘણુંખરા લોક નદીમાં વાંસના તાપા બાંધી તેમાં રહે છે. આ સેહેરમાં વેપાર સારો ચાલે છે.

મુખ્ય અખાત—શિયામનું અખાત. એ દક્ષિણ દિશામાં છે.

મુખ્ય સામુદ્રધુની—મલાક્કાની સામુદ્રધુની એ મલાયા અને સુમત્રાની વચ્ચે છે.

મુખ્ય દ્વીપકલ્પ—મલાયાનો દ્વીપકલ્પ છે. આ દ્વીપકલ્પના લોક મલાઈ તેઓ મુસલમાની ધર્મ પાળે છે.

મુખ્ય સંયોગી ભૂમિ—ક્રાની સંયોગી ભૂમિ એ સિયામ અને મલાયાના દ્વીપકલ્પની વચ્ચે છે.

આ દેશના લોકને શિઆમી કહેછે તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે. આ દેશની જમીનમાંથી રત્ન નીકળે છે વળી અહીંના હાથી ઘણા શોભાયમાન અને અક્કલ-વાળા છે.

બ્રહ્મદેશ.

એમાં આસામ, આરાકાન, પેગુ, માર્ટાબાન અને ટેનાસરિમ એ પ્રાંતો અંગ્રેજ સરકારને તાબે છે તેમાં મુખ્ય શેહેર નીચે પ્રમાણે.

રંગુન—એ ઇરાવતીને કાંઠે છે.

આરાકાન—એ આરાકાન નદી ઉપર છે.

માર્ટાબાન—એ માર્ટાબાનના અખાત ઉપર.

ઉપલા પ્રાંતો શિવાય બાકીનો મુલક બ્રહ્મદેશના રાજાને તાબે છે તેમાં મુખ્ય શેહેર નીચે પ્રમાણે—

મુખ્ય શેહેર—આવા એ રાજધાની ઇરાવતીને કાંઠે છે. તેમાં એક લાખ માણસની વસતી છે.

અમરપૂર—એ જુની રાજધાનીનું શેહેર ઇરાવતીને કાંઠે. એમાં પણ એક લાખ માણસની વસ્તી છે.

મુખ્ય નદી—ઇરાવતી એ બંગાળાના ઉપસાગરને મળે છે.

મુખ્ય અખાત—માર્ટાબાનનું અખાત, એ બ્રહ્મદેશની દક્ષિણે છે.

મુખ્ય બંદિર—નીગ્રેસ, એ નૈરૂત્ય કોણમાં છે.

આં દેશના લોકને બ્રહ્મી લોક કહેછે. તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે.

મુખ્ય વેપારની જણસો—સાગનાં લાકડાં.

હિંદુસ્તાન.

મુળનામ—આ દેશનું મૂળનામ આર્યાવર્ત હતું. તેને અર્થ એકે (આર્ય એટલે શ્રેષ્ઠ લોક અને આવર્ત એટલે સ્થળ) શ્રેષ્ઠ લોકનું સ્થળ પણ પાછળથી ભરત કરીને કોઇ પ્રતાપી રાજા થઇ ગયો, તેના નામ ઉપરથી આખા દેશનું નામ ભરતખંડ પડયું. હિંદુસ્તાન એ નામ તો આ દેશને મુસલમાનોએ આપેલું જણાય છે કારણકે હિંદુસ્તાન એ ફારશી ભાષાનો શબ્દ છે. તેનો અર્થ એક (હિંદુ એટલે કાળા અને સ્તાન એટલે દેશ) કાળા લોકનો દેશ.

કાશ્મીરથી તે ઠેઠ કન્યાકુમારી ભૂશિર સુધી હિંદુસ્તાનની લંબાઈ ૧૯૦૦ મૈલ, અને સિંધુ નદીથી તે બ્રહ્મપુત્ર નદી પથી પહોળાઈ ૧૫૦૦ મૈલ છે.

એશિઆ ખંડમાં સર્વેથી વધારે વસ્તી વાળો દેશ ચીન. અને તેથી ઊતરતો આ હિંદુસ્તાન છે. એમાં (૨૫) કરોડ માણસની વસ્તી છે.

હિંદુસ્તાનની સીમા ઉત્તરમાં હિમાલય પર્વત અને તેની પેલીપાર તિબેટ; પૂર્વમાં બ્રહ્મદેશ અને બંગાળાનો ઉપસાગર; અને પશ્ચિમે અફગાનિસ્તાન, બલુચીસ્તાન, અને આરબી સમુદ્ર છે.

આ દેશના ત્રણ ભાગ કરેલા છે. ઉત્તર હિંદુસ્તાન, મધ્ય હિંદુસ્તાન, અને દક્ષિણ હિંદુસ્તાન અથવા દક્ષણ.

ઉત્તર હિંદુસ્તાન— હિમાલય પર્વત અને શિવાલિક પહાડની વચ્ચે છે.

મધ્ય હિંદુસ્તાન—શિવાલિક પહાડ અને નર્મદા નદીની વચ્ચે છે.

દક્ષિણ હિંદુસ્તાન—નર્મદા નદીની દક્ષિણનો બધો ભાગ તેને દક્ષિણ હિંદુસ્તાન કહે છે.

ઉત્તર હિંદુસ્તાનમાં ૩ પ્રાંત છે.

કાસ્મીર—કાશ્મીર અથવા શ્રીનગર. જેલમ નદી ઉપર.

નેપાલ—ખાટમંડુ.

ભુતાન—ટયાસિસુડન.

મધ્ય હિંદુસ્તાનમાં ૧૪ પ્રાંત છે.

પ્રાંત.	મુખ્ય શેહેર.
બંગાળા............	કલકત્તા, હુગલી નદીઉપર; ઢાકા ને મુરશીદાબાદ.
બહાર...............	પટણા ને મોંગીર એ બંને ભાગીરથીને કાંઠે છે. તેમાં પટણા એ અફીણ ને ગળીના વેપારનું મુખ્ય સ્થળ છે. એ શિવાય ભાગલપોર દીનાપોર અને બક્ષર.
અલાહબાદ	પ્રયાગ એ ગંગા અને જમુનાં નદીના સંગમ ઉપર.
કાશી...............	ગંગાને કિનારે, તે આખા હિંદુસ્તાનમાં પવિત્ર તીર્થ ગણાય છે. અને સંસ્કૃત ભાષાના પંડિતોનું મુખ્ય સ્થળ છે. એમાં કાશી વિશ્વનાથ મહાદેવનું મોટું દેહેરું છે. આ શેહેરમાં દેવળ ઘણાં સાંકડા છે. મીરજાપુર—રૂના વેપારનું મથક છે. એ શિવાય ચુનાર, કલિંજર, અને જુઆનપુર.
અયોધ્યા............	લખનોર—ગોમતી નદીને કાંઠે.

અયોધ્યા—એ સરયુ અથવા ગોગરા નદીને કાંઠે, એમાં રામચંદ્રનો જન્મ થયાને લીધે પવિત્ર ગણાય છે, અને ફૈઝાબાદ.

દીલ્હી .... દીલ્હી જમનાને કિનારે, એ આગળ મુસલમાનરાજાઓના વખતમાં હિંદુસ્તાનની રાજધાની હતી. તેથી એમાં મશીદો અને મીનારા જોવાલાયક છે. તેમાં મુખ્યત્વે કરીને બાદશાહી મેહેલ ખરે ખરો જોવા લાયક છે. તે સર્વ ઇમારતોથી ઘણો ઉંચો છે. તે ૧૦૦૦ ફુટ લાંબો ને ૬૦૦ ફુટ પોહોળો છે. તે બંધાવતાં ૨૧૦૫૦૦૦૦૦ ખરચ થયેલો છે. શાહજાં બાદશાહે કરાવેલું અમુલ્ય મયુરાસન, સુવર્ણ, હીરા અને રત્નથી જડીત, તે આજ મેહેલમાં હતું. જુમામશીદ કરીને એક મોટી અને સુંદર મશીદ છે. તે આખા હિંદુસ્તાનમાં મુસલમાન લોકને ભક્તિ કરવાનું મુખ્ય સ્થળ છે. ગુલામવંશના બાદશાહ કુતુબદીને અહીં એક મીનારો કરાવેલો છે તેને કુતુબ

મીનાર કહે છે. તેનો પરિઘ ૧૪૩ ફુટ છે તે પેહેલાં ૨૪૨ ફુટ ઊંચો હતો, પણ ઉપરનો કેટલોક ભાગ તુટી પડ્યાથી હાલ ૧૧૦ ફુટ રહેલો છે. દીલ્હી શેહેરની ઉત્તરે પાનિપતનું પ્રખ્યાત રણક્ષેત્ર (યુદ્ધનું સ્થળ) છે. મહાભારતમાં કહેલું કૌરવ અને પાંડવનું યુદ્ધ એમાંજ થયું હતું. એ શિવાય મીરત, સરહીંદ અને કાનપુર.

આગ્રા ....આગ્રા જમનાને કિનારે, એ અકબર બાદશાહની રાજધાની.

ગ્વાલિઅર—એ સિંધીઆ સરકારની રાજધાની અને કનોજ ગંગાને કિનારે.

પંજાબ ....લાહોર રવી નદીને કિનારે એ શીખ લોકની રાજધાની.

અમૃતસર—એ શીખ લોકનું પવિત્ર શેહેર અને વેપારનું મથક છે.

સીમલા—આ શેહેરની હવા ઘણી ઠંડી ને સુખ કરતાં છે તેથી હિંદુસ્તાનનો ગવર્નર જનરલ ઘણુંખરું અહીં રહે છે.

મુલતાન..........મુલતાન, ચીનાબ નદી ઉપર, એમાં રેશમી તથા સુતરાઉ કાપડ અને

શાહો બને છે. આ શેહેરમાંથી
કોહીનૂર (પ્રકાશનો પર્વત) એ
નામનો કીમતી હીરો અંગ્રેજ
સરકારના હાથમાં આવ્યો તે હાલ
આપણી મહારાણી વિકટોરિયાના
મુગટમાં બીરાજે છે.

રજપૂતસ્થાન ......અજમેર એ અંગ્રેજ સરકારને
તાબે છે. એ શિવાય જેપુર, ઉદેપુર
અને જોધપુર.

માળવા ....ઉજેન નગરી ક્ષીપ્રા નદી ઉપર
એમાં પેહેલાં ધર્મ ધુરંધર અને પર
દુઃખ ભંજન વિક્રમ રાજાની રાજ
ધાની હતી. તે વિક્રમ રાજાનો
સવંત મધ્ય હિંદુસ્તાનમાં ચાલે
છે. તેને આજ ૧૯૩૪ વરસ થયા.
ઇંદોર—હોલકર સરકારની રા-
જધાની.

ગુજરાત ....અમદાવાદ એ સાબરમતીના પૂર્વ
કિનારા ઉપર છે. તે સુલતાન અ-
હમદે ઈ. સ. ૧૪૧૧ માં વસાવ્યું
હતું તેમાં ૧૨૦૦૦૦ માણસની
વસ્તી છે. તેને ફરતો મજબુત
કિલ્લો છે. મુંબાઈથી ઉતરતું
ગુજરાતમાં આજ શેહેર છે.
સુરત—તાપી નદીના દક્ષિણ કિના-

રાપર છે. તે પેહેલાં ઘણું પ્રખ્યાત
હતું પણ રેલ અને આવ્યાથી પડી
ભાગ્યું છે. એમાં અંગ્રેજોએ ઈ. સ.
૧૬૧૨ માં પ્રથમ વેપારની કોઠી
ઘાલી હતી.

ભરૂચ—નર્મદાના ઉત્તર કિનારા ઉપ-
ર છે.

વડોદરા—એ ગાયકવાડ સરકારની રા-
જધાની વિશ્વામીત્રી નદી ઉપર. એમાં
દોઢ લાખ માણસની વસ્તી છે.

ખંભાત—એ ખંભાતના અખાત
ઉપર. એ પેહેલાં મોટું બંદર હતું,
પણ રેલવે થયાથી તે પડી ભાગ્યું છે.
એમાં નવાબનું રાજ છે.

કચ્છ ....ભુજ એ સંવત ૧૬૦૫ માં
રાવ શ્રી ખેંગારજીએ વસાવ્યું
માંડવી બંદર—કચ્છના અખાત
ઉપર છે.

સિંધ ....હૈદરાબાદ, ઠઠ્ઠા, એ બંને સિંધુ નદી ઉપર
કરાંચી એ આરબી સમુદ્ર ઉપર
મોટું બંદર છે.

કાઠીયાવાડ...રાજકોટ, એમાં પોલિટિકલ એજંટ રહે છે
ને અહીંના રાજાઓ ઉપર દેખરેખ
રાખે છે.

એ શિવાય ભાવનગર, જુનાગઢ, જામનગર, પોરબંદર, એ મોટાં શેહેર છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં ૮ પ્રાંત છે.

પ્રાંત	મુખ્ય શેહેર.
મહારાષ્ટ્ર	પુના, એમાં પેહેલાં પેશવા સરકારની રાજધાની, હતી સાતારા, એ મરેઠા લોકના રાજાની તથા ગાદીનું સ્થળ.
નિજામનું રાજ્ય....	હૈદરાબાદ, એ નિજામ સરકારની રાજધાની કૃષ્ણાને મળનારી મુસી નદી ઉપર છે એ શિવાય ઔરંગાબાદ, દોલતાબાદ અને બેદર.
ઓડીસા	કટક, મહા નદી ઉપર અને જગન્નાથ.
ઉત્તર સરકાર	મછલીપટ્ટણ અને રાજમહેન્દ્રી. એ શિવાય ગંજામ, વિસાગાપટ્ટણ, અને ગુંટુર.
મહેસૂર............	મહેસૂર, એ રાજધાની. શ્રીરંગપટ્ટણ કાવેરી નદીમાંના એક બેટ ઉપર બાંધેલું છે. તે શેહેર અને ટિપુ સુલતાનની રાજધાનીનું શ-

દેર સને ૧૭૯૯ માં અંગ્રેજ સરકા
રને હાથ આવ્યું અને બંગલોર.

મલબાર.....કાનાનોર એ શિવાય તાલીચરી ને કાલીકટ.

ત્રાવણકોર...ત્રીવાનદ્રમ,

કર્ણાટક........આર્કોટ એ સિવાય પોંડીચરી ત્રિચિના-
પલી, તંજાવર, મદુરા, ત્રાંકીબાર,
નાગાપટન અને તિનવલી.

ઉપર કહેલા પ્રાંતોના છ હલકા કરેલા છે. તેમ-નાં નામ મુંબઈ, મદ્રાસ, બંગાળા, આગ્રા, પંજાબ, અને મધ્યપ્રાંત

બંગાળા હલકો—એમાં બંગાળા, બહાર, ઓડી-સા, આસામ અને આરાકાન વગેરે પ્રાંત આવેલા છે. તે પ્રાંતના મુખ્ય શેહેરો.

કલકત્તા, મુર્શિદાબાદ, ઢાકા, બર્દવાન, બેરાંમપુર, ચીતગાંગ, શ્રીરામપુર, કૃષ્ણનગર, દારજીલીંગ, બા-હાર, પટના, મોંગીર. દીનાજપુર, ભાગલપુર, રાજમાહાલ, ગયાજી, બક્ષર, કટક, બાલાસુર, જગનાથ, આસામ, આરાકાન, રંગુન, માર્ટાબાન,

આગ્રા હલકો—એમાં આગ્રા, અલાહાબાદ અ-ને અયોધ્યા, એ પ્રાંતો આવેલા છે. અને તેના મુખ્ય શેહેરો.

કાશી, આગ્રા, પ્રયાગ, મીરજાપોર, ચુનાર, કલિં-જર, કાનપોર, લખનોર, જુઆનપોર, કનોજ, ગોવાલી-અર, કાલપી, ફૈજાબાદ, હરદ્વાર, ને શાહાજનપોર વગેરે.

પંજાબ ઇલાકો—એમાં પંજાબ, મુલતાન, સતલજ કાંઠાપરનાં સંસ્થાન અને દીલ્હી વગેરે છે. અને તેના મુખ્ય શેહેરો.

લાહોર, મુલતાન, અમૃતસર, પેશાવર, અટક, રાવલપીંડી, બાજનપુર, લુધીઆના, બરેલી, દીલ્હી, સરહિંદ, મીરત, સાહારનપોર, ને પાણીપત.

મધ્ય પ્રાંતો—એમાં મધ્ય પ્રાંતો આવેલા છે. તેના મુખ્ય શેહેરો નાગપુર, ઊમરાવતી, ઇલીચપુર, ચાંદા, સંબલપુર, રતનપુર વીલાસપુર, જબલપુર, હુસંગાબાદ.

મુંબઇ ઇલાકો—એમાં સિંધ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર અને દક્ષિણ મહારાષ્ટ્ર એ પ્રાંત આવેલા છે. અને તેના મુખ્ય શેહેરો.

શીકારપુ, હૈદ્રાબાદ, કરાચી, અમદાબાદ, ગોધરા, ખેડા, ભરૂચ; સુરત, થાણા, ધુળીઆ, અહમદનગર, નાશીક, પુના, સતારા, સોલાપુર, બેલગામ, ધારવાડ, કલાદગી, હોનાવર, રત્નાગીરી, કોલાબા, એ ઉપલા જીલ્લાના મુખ્ય શેહેરો. એ શિવાય ખૈરપુર, ભુજ, માંડવી, નવાનગર, રાજકોટ, જુનાગડ, ભાવનગર, ખંભાત, વડોદરું, માલેગામ, કોલાપુર, સાવંતવાડી, ગોવા, વગેરે બીજા શેહેરો છે.

મદ્રાસ ઇલાકો—એમાં ઊત્તર સિરકાર, કર્ણાટક મલબાર, મ્હેસુર. અને તેલંગણ એ પ્રાંત આવેલા છે. અને તેના મુખ્ય શેહેરો.

મદ્રાસ, મછલીપટણ, ચોતુર, ત્રિચોનાપોલી, કા-

મચ્છી, ગંજામ, વીસગાપાટણ, રાજમંદ્રી, ગંતુર, વીજયનગર, પોંડીચરી, આર્કોટ, તંજાવર; મધુરાં ત્રાંકવી-બાર, વીગાપટ્ટણ, તીનવલી, બેલારી, કડપાં, માંગલોર, બાંગલોર, કલ્યાણપુર, કાનાનોર, કેલીકટ, શીરંગાપટ્ટણ, ને ત્રિવનદ્રમ.

મુંબઈ ઇલાકાનું મુખ્ય શેહેર—મુંબાઈ બેટ. એ આખા હિંદુસ્તાનમાં સર્વેથી શ્રેષ્ઠ બંદર છે. આ શેહેરના ઘરો ઘણાં ઉંચાં, વિશાળ, અને શોભાયમાન છે. જુદી જુદી જાતના જેટલા લોકો આ શેહેરમાં દીઠામાં આવેછે, તેટલા દુનિયાના બીજા કોઈ શેહેરમાં દેખાતા નથી. જેવા કે હિંદુ, પારસી (ઇરાની), મુસલમાન અંગ્રેજ, પોર્તુગીઝ, મોગલ. જયુ. સીદી, આરબ, અફગાન અને ચીના લોક, આ શેહેરનું પાણી પેહેલાં ઘણું ખરાબ હતું, તેથી સરકારે વિહાર અને તુલસી એ બે સરોવરમાંથી નળને મારગે ઘણું કરીને દરેક ઘરમાં પાણી આણેલું છે.

આ શેહેરના બે ભાગ છે. કોટ અને બહારકોટ. ઘણું કરીને સરકારી આફીસો, મોટા મોટાં વેપારીઓની દુકાનો, અને જોવાલાયક મોટાં મોટાં પથરનાં મકાનો કોટમાંજ છે. ટાઊનેહાલ (પુસ્તકાલય આગળ અર્ધચંદ્ર' આકારની અને એકધારી પથરની મોટી મોટી ઇમારતો ગોળાકારમાં આવી રહેલી છે, તે જોવાલાયક છે. એ સિવાય હાલમાં બીજાં ઘણાં સુશોભીત પથરનાં મકાનો બંધાયાં છે, ત્યાં આગળ ઉભા રહી જોઈએ, તો જા

ણે વિલાયતમાંજ હોઇએ એવું લાગે છે. આ શહેર-માં સુતરાઉ કાપડ વણવાના ઘણા સંચા ચાલે છે.

મુંબઇ ઇલાકાનો ગવર્નર અહીં રહે છે, ઇનસાફ-ની મોટી કોરટો પણ અહીંજ છે.

મુંબઇ બેટ પહેલાં પોર્ટુગીઝ લોકના હાથમાં હતો. પણ જ્યારે ઇંગ્લાંડનો બીજો ચાર્લ્સ ગણ ઇ. સ. ૧૬૬૨ માં પોર્ટુગાલના રાજાની કન્યા કેથેરાઇ-નને પરણ્યો, ત્યારે તેને પહેરામણીમાં આ બેટ મળ્યા હતો. હાલ મુંબઇમાં ૮૨૨૮૦૫ માણસની વસ્તી છે. તેમાં મુખ્યત્વે કરીને પારસી, ભાટિયા અને મેમણ પૈસાદાર અને શહેરી વેપારી છે.

મુંબઇમાં નીચે લખેલી જગાઓ જોવા લાયક છે.

કોટમાં—ટાઉનહાલ (પુસ્તકાલય), એલ્ફિન્સ્ટન સર્કલ ગોદી, ટંકશાળ, કિલ્લાની દીવાદાંડી અને ઓબ્ઝર્વેટરી (વેધશાળા)

બાહારકોટમાં—ક્રાફર્ડ માર્કેટ, રાણીનો બાગ, સંગ્રહસ્થાન (મ્યુઝીયમ), એલ્ફિન્સ્ટન કાલેજ (પાઠ શાળા)

મદ્રાસ ઇલાકાનું મુખ્ય શહેર—મદ્રાસ એ દક્ષિ-ણ હિંદુસ્તાનમાં કારોમાંડલ કિનારાઉપર મોટું બંદર છે. ઇ. સ. ૧૬૩૯ માં અંગ્રેજ લોકોએ ફોર્ટ સેંટ જ્યોર્જ બાંધેલો તેની આસપાસ વસ્તી વધીને એ શહેર બનેલું છે. એમાં ૪૦૦૦૦૦ (ચાર લાખ) માણસની વસ્તી છે.

બંગાળા ઇલાકાનું મુખ્ય શેહેર— કલકત્તા એ આખા હિંદુસ્તાનની રાજધાની હુગલી નદી ઉપર. અહીં ગવર્નર જનરલ રહે છે. એને વાઇસરાય કે રાજ પ્રતિનિધિ કહે છે. ગવર્નર જનરલનાં હાથ નીચે બીજા ઇલાકાના ગવર્નરો છે. ગોરા લોકનું શેહેર અને કાળા લોકનું શેહેર, એવા આ શેહેરના બે ભાગ છે. ગોરા લોકના શેહેરમાં ઘરો શોભાયમાન અને રસ્તા પહોળા છે, પણ કાળા લોકના શેહેરમાં આશરે ૫૦૦૦૦૦ પાંચ લાખ માણસની વસ્તી છે.

રાજારામ મોહનરાય કરીને એક મહાપંડિત અને તત્વજ્ઞાની બ્રાહ્મણ થઇ ગયો, તે ઇ. સ. ૧૭૭૪માં રાધાનગર નામે ગામમાં જન્મ્યો હતો. તેણે ઇ. સ. ૧૮૨૮ માં એકજ દેવ છે એવું માનનારા લોકની એક મંડળી ઉભી કરી તેનું નામ બ્રહ્મસમાજ પાડ્યું તે હજુ આ શેહેરમાં ચાલે છે. તેમાં હાલ ઘણા સુધરેલા લોકો દાખલ થયા છે ને થાય છે. એ બ્રહ્મસમાજની શાખાઓ મુંબઇ, અમદાવાદ વગેરે શેહેરોમાં નીકળી છે. તેમાં દર રવિવારે લોકો ભેગાં થઇ પ્રભુ પ્રાર્થના કરે છે.

આગ્રા ઇલાકાનું મુખ્ય શેહેર—આગ્રા, એ અકબર બાદશાહની રાજધાની જમનાં નદીને કિનારે છે. તે ચાર મૈલ લાંબુ અને તેમાં એક લાખ માણસની વસ્તી છે. એ શેહેરમાં મોટી મોટી ઇમારતોનાં જુના ખંડેર ઘણાં છે, પણ ઘણી મોટી સુંદર અને જોવા લાયક ઇમારત તાજ રોઝા છે.

શાહજહાં બાદશાહે પોતાની રાણી નુરજહાન (દુનિયાના પ્રકાશ) ની યાદગીરી રાખવા માટે ઇ. સ. ૧૬૪૦ માં બંધાવ્યો હતો. આખી પૃથ્વી ઉપર એના જેવી એકે ઇમારત નથી.

એ તાજમેહેલ બાંધવાનું કામ (૨૨) વરસ સુધી ચાલ્યું હતું. તેમાં વીશ હજાર માણસ કામે લગાડયાં હતાં. તે બાંધવાનો ખરચ આશરે ચાર કરોડ રૂપિઆ થયો હતો.

એ શિવાય અકબર બાદશાહનો મેહેલ, અકબરની કબર, અકબરની મસીદ અને ઔરંગઝેબની મસીદ એ જોવા લાયક છે.

પંજાબ ઇલાકાનું મુખ્ય શેહેર—લાહોર, એ રવી નદીને કાંઠે છે. એમાં પંજાબ ઇલાકાનો લેફટેનંટ ગવર્નર રહે છે. આ શેહેરમાં, દેહેરાં, મશીદો ને દેવળો વગેરે ઘણી સારી ઇમારતો છે. સને ૧૮૪૯ માં આ શેહેર અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું આ શેહેરમાં અકબર બાદશાહનો બંધાવેલો ખુબસુરત મેહેલ જોવા લાયક છે.

મધ્ય પ્રાંત—એનું મુખ્ય શેહેર નાગપુર આ શેહેરમાં રેશમી કોરનાં ધોતીઆં, પાગડીઓ, સાડીઓ, ફીનખાબ અને છીંટ વગેરે કાપડ ઘણું થાય છે. અહીંનો રાજા વારસ વગર મરી ગયો તેથી સને ૧૮૫૩ માં આ પ્રાંત અંગ્રેજી રાજ્યમાં જોડી નાખ્યો.

હિંદુસ્તાનની મુખ્ય નદીઓ ઊપરનાં શેહેર.

સિંધુ અથવા અટક નદી ઉપર — પેશાવર, અટક, હૈદરાબાદ, ને ઠઠ્ઠા. કરાચી, બારખાંના સક્કર બક્કર મીથુનકોટ દેરાગાજીખા દેરાઈસ્માઈલખા કાંલાબાગ.

બ્રહ્મપુત્ર ઊપર જમાલપુર, ગોવળપાડા, વિશ્વનાથ, ગોરપુર

હુગલી ઊપર—કલકત્તા, શ્રીરામપુર.

ગંગા ઊપર—હરદ્વાર કાનપુર, મીરજાપુર અને કાશી.

ભાગીરથી ઊપર—પટણા, મોંગીર, ભાગલપુર અને મુર્શીદાબાદ.

ચંબલ ઊપર—ધોળપુર અને કોટા.

જમના ઊપર—દીલ્હી, આગ્રા, ગોકુળ અને મથુરાં.

રાવી ઉપર—લાહોર.

ચેનાબ ઉપર—મુલતાન.

જેલમ ઊપર—કાશ્મીર અથવા શ્રીનગર.

મહાનદી ઊપર—કટક અને સંબલપુર.

ગોદાવરી ઊપર—નાશક, ઔરંગાબાદ અને રાજમંદ્રી.

કૃષ્ણા ઊપર—મછલીપટ્ટણ.

કાવેરી ઊપર—શ્રીરંગપટ્ટણ, ત્રીચીનોપોલી, અને તંજાવર.

નર્મદા ઊપર—ભરૂચ, નાંદોદ, ચાણોદ કર્નાળી, અને જબલપુર.

તાપી ઉપર—સુરત, રાંદેર અને બુરાનપુર.

મહી ઊપ—ખંભાત અને લુણાવાડા.

સાબરમતી ઊપર—અમદાવાદ અને સાદરા.

ગોગ્રા—અકબરપુર, સલીમપુર.

સોણ—સહસરામ, દેહરી.

ગોમતી—લખનોર, ફૈઝાબાદ.

સતલજ—લુધીઆના, ફીલુર, અલીવાલ.

બીઆસ—જલંદર.

તુંગભદ્રા—કર્નુલ, હમસાંગઢ.

હિંદુસ્તાનનાં મુખ્ય બંદર—પૂર્વમાં કલકત્તા હુગલી નદી ઉપર.

કારોમાંડલ કિનારા ઉપર—ગંજામ, વિશાગપટ્ટણ, મછલીપટ્ટણ, મદ્રાસ, પાંડીચરી, કડલુર, નીગાપટ્ટણ અને તુતીકોરીન.

મલબાર કિનારા ઉપર—મુંબઈ, રત્નાગિરી, ગોવા મંગલોર, કાનાનોર, ટાલીચરી, કાલીકટ અને કોચીન (એમાં મોટાં મોટાં વાહાણો બંધાય છે)

ગુજરાતનાં મુખ્ય બંદર—ખંભાત, ભરૂચ, સુરત વલસાડ અને દમણ.

કાઠીઆવાડનાં મુખ્ય બંદર—ધોલેરા, ભાવનગર, ઘોઘા, જાફરાબાદ, વેરાવળ, માંગરોલ અને પોરબંદર.

કછમાં—માંડવી બંદર કછના અખાત ઉપર.

સિંધમાં—કરાંચી બંદર આરબી સમુદર ઉપર છે.

હિંદુસ્તાનમાં બનાવટ અને પાકને માટે પંકાયલાં શેહેરો.

કાશ્મીરમાં - સૌથી સરસ શાલો બને છે.
શિરોહીમાં-તરવાર.
પાટણમાં—પટોળાં, ચુડી, ને માટીનાં વાસણ.
માંગરોળમાં—સોપારી.
માળવામાં-અફીણ.
ઘેડગુમાં—[illegible].
નાગપુરમાં—રેશમી કોરનાં ધોતીઆં.
ઢાકામાં-સૌથી સરસ મલમલ થાય.
મછલીપટ્ટણમાં મલમલ, છીંટ
બુંદેલખંડ, ગોલકોંડા ને [illegible]માં } હીરા.
મલબારમાં - લાકડાં, મરી તથા નાળીએર.
નાશકમાં જળપાત્ર.
કાશીમાં-સેલા ને પીતાંબર.
કેપુરમાં-ગિલ.
મથુરામાં-પેંડા.
અમદાવાદમાં—મશરૂ.
સુરતમાં જરી.
ખંભાતમાં—અકીકના પથરા.
કપડવંજમાં-કાચ ને સાબુ.

દ્વિનામી એટલે જેનાં બે નામ હોય તેવા પ્રાંત. શેહેર. નદીઓ બેટ અને પર્વત.

માળવા—જંબુદ્વીપ.
કાઠીઆવાડ—સોરઠ.
ઓડીઆ—ઓરીસા.
અમદાવાદ—ગુર્જરનગર.
કાશી—બનારસ, વણારસી.
પ્રયાગ—આલાહાબાદ.
દીલ્હી—હસ્તિનાપુર.
દોલતાબાદ—દેવગડ.
જગન્નાથ—પુરી.
આગ્રા—અકબરાબાદ.
ગંગા—ભાગીરથી.
યમુના—જમના.
સિંધુ—અટક.
બ્રહ્મપુત્ર—સાંપુ.
નર્મદા રેવા.
મોરાશ-શત્રુંજ.
લંકા-સિંહલદ્વીપ.
સહ્યાદ્રી-પશ્ચિમઘાટ.

હિંદુસ્તાનમાં મુખ્ય તીર્થ અને પવિત્ર નદીઓ.
ચારે દિશાનાં મુખ્ય તીર્થ

ઉત્તરમાં બદ્રીનાથ,
પૂર્વમાં—જગન્નાથ, દરીઆ કિનારે.
દક્ષિણમાં—સેતુબંધ રામેશ્વર.
પશ્ચિમમાં—દ્વારકા.

મધ્ય હિંદુસ્તાનમાં આવેલા તીર્થ.

ગયાજી (ત્યાં પિતાનું શ્રાદ્ધ થાય છે,) કાશી, પ્રયાગ ગોકુળ. મથુરાં, હરદ્વાર, અને શ્રીનાથજી બાવા (મેવાડમાં)

ગુજરાતની ઉત્તરે આરાસુરના પર્વતમાં અંબાજી ચુંવાળમાં બહુચરાજી.

સીધપુર આગળ—સરસ્વતિ નદી, અને કુમારીકા ક્ષેત્ર કહેછે. ત્યાં માતાનું શ્રાદ્ધ થાય છે.

પંચમહાલમાં પાવાગઢ ઉપર કાળિકા. એ શિવાય શામળાજી, ડાકોરમાં રણછોડજી, ચાંદોદ અને કરનાળી.

દક્ષિણમાં-નાશક, ત્રંબક અને પંઢરપૂર.

શ્રાવક (જૈન) લોકના તીર્થ.

કાઠીઆવાડમાં પાલીટાણા—ગિરનાર.
અને ગુજરાતની ઉત્તરમાં. આબુ પર્વત.

પવિત્ર નદીઓ અને તેઓનો મહિમા.

તાપી. નર્મદા (રેવા). જમના અને ગંગા, એ ચાર નદીઓ પવિત્ર મણાય છે. તેઓનો મહિમા નીચે પ્રમાણે.

નાસીક—રામકુંડે એટલે નાહીને સંભારીએ તો પવિત્ર થવાય.

રેવા—દર્શને એટલે જોવાથી.

જમના—પાને એટલે તેનું પાણી પીવાથી.

ગંગા—સ્નાને એટલે તેમાં નહાવાથી પાપ જાય છે.

સુખકારક હવાવાળી જગ્યાઓ.

મરીના—પંજાબ ઇલાકામાં જેલમ નદીની પાસે.

દારજીલીંગ—સીકીમની પાસે.

સીમલા—સતલજ નદીની પાસે.

આબુ પર્વત—ગુજરાતની ઉત્તરમાં.

મહાબળેશ્વર—સહ્યાદ્રિ ઉપર સતારાની પાસે.

નીલગિરી—જ્યાં પૂર્વઘાટને પશ્ચિમઘાટ મળે છે ત્યાં.

મુખ્ય ગુફાઓ—હિંદુલોકના શિલ્પ શાસ્ત્રની અને કોતર કામની ખુબીઓ તો પર્વતમાંથી કોતરી કાહાડેલી ગુફાઓમાં રહેલી છે. તેવી ગુફાઓ ઘણું કરીને પશ્ચિમ અને દક્ષિણ હિંદુસ્તાનમાં છે.

ઇલોરા અથવા વેરૂળ, અજંઠા, ઘારાપુરી (એલીફંટા), કારલી, જુનેરી, અને કનેરીમાં એવી ગુફાઓ છે. તે બૌદ્ધ ધર્મના લોકોએ કરેલી જણાય છે. ઉપર કહેલી ગુફાઓમાં ઇલોરા અથવા વેરૂળની ગુફા કૈલાસના નામથી એક દેવળને આકારે છે, તે સર્વથી શ્રેષ્ઠ છે, એ ગુફા જોવાથી કપ્તાન સીલીના મનપર ઊંડી અસર થઈ હતી.

હિંદુસ્તાનમાં મુખ્ય ચાર પ્રકારનાં રાજ્યો છે.

૧. અંગ્રેજ સરકારનું ખાલસા.

૨. દેશી રાજ્ય અંગ્રેજ સરકારને ખંડણી આપનાર.

૩. દેશી રાજ્ય સ્વતંત્ર (ખંડણી ન આપનાર)
૪. પરદેશી રાજ્ય સ્વતંત્ર.

ખંડણી આપનારાં દેશી રાજ્યો.

ઉત્તર હિંદુસ્તાનમાં—કાશ્મીર અને સિક્કીમ.
મધ્ય હિંદુસ્તાનમાં ખંડણી આપનાર રજપૂત સંસ્થાન
(રજપૂત હિંદુ છે.

૧ ઉદેપુર (અથવા મેવાડ.)
૨ જોધપુર (મારવાડ)
૩ જેપુર.
૪ બુંદી.
૫ કોટા.
૬ કીશનગઢ.
૭ કારોલી.
૮ બીકાનેર.
૯ અલવાડ.
૧૦ શિરોઈ.
૧૧ ડુંગરપુર.
૧૨ વાંસવાડા.
૧૩ પ્રતાપગઢ.
૧૪ જેસલમીર.
૧૫ કાઠીઆવાડ.
૧૬ કછ.

મુસલમાની રાજ્યો.

ભાવલપુર—એમાં નવાબનું રાજ્ય છે.
ભોપાળ—એમાં ભોપાળની બેગમનું રાજ્ય છે.

મરેઠા લોકનું રાજ્ય.

૧ સિંધીઆ સરકારનું રાજ્ય ગ્વાલીઅર રાજધાની.
૨ હોલકરનું રાજ્ય ઇંદોર રાજધાની.
૩ ગાયકવાડનું રાજ્ય વડોદરા રાજધાની.

જાટ લોકનું રાજ્ય.

૧ ભરતપુર }
૨ ધોળપુર } આગ્રા પ્રાંતની પશ્ચિમે.

દક્ષિણ હિંદુસ્તાનમાં મુખ્ય ખંડણી આપનાર રાજ્યો.

૧ નિઝામનું રાજ્ય (મુસલમાનનું રાજ્ય.)
હિંદુ રાજ્ય.
૨ કોલાપુર.
૩ સાવંતવાડી.
૪ મહીસુરનું રાજ્ય.
૫ ત્રાવણકોરનું રાજ્ય.
૬ કોચીનનું રાજ્ય.

દેશી સ્વતંત્ર રાજ્યો.

૧ નેપાળ. ૨ ભૂતાન.	ઉત્તર હિંદુસ્તાનમાં.

પરદેશી સ્વતંત્ર રાજ્યો.

પોર્તુગાલ દેશના પોર્તુગીઝ એટલે ફીરંગી લોકનું રાજ્ય

૧ ગોવા મલબાર કિનારા ઉપર, એ રાજધાનીનું શેહેર.

૨ દમણ, મુંબઈની ઉત્તરમાં.

૩ દીવ, કાઠીઆવાડની દક્ષિણમાં.

ફ્રાન્સ દેશના ફ્રેંચ અથવા ફ્રાનસિસ લોકનું રાજ્ય.

૧ પોંદીચરી. ૨ કેરીકલ.	મદ્રાસની દક્ષિણે એમાં પોંદીચરી એ રાજધાનીનું શેહેર.

૩ યાનાન—ગોદાવરીના મૂખ આગળ.

૪ માહી—મલબાર કિનારા ઉપર.

૫ ચંદ્રનગર—કલકત્તાની ઉત્તરે.

હિંદુસ્તાનના મુખ્ય પર્વત.

હિમાલય—(હિમ એટલે બરફ અને આલય એટલે રહેવા બરફની જગા) આ પર્વત આખી દુનિયામાં સર્વથી ઊંચામાં ઊંચો પર્વત છે. તેથી તેને ગિરીરાજ એટલે પર્વતનો રાજા કહેછે. તે પાંચ મેલ ઊંચો છે. આ પર્વત હિંદુસ્તાનની ઉત્તરમાં એક આડા કોટની પેઠે આવી રહેલો છે.

શિવાનિક પહાડ—નેપાલ ને ભૂતાનની દક્ષિણે.

વિંધ્યાચળ અને સાતપુડા—મધ્ય ભાગમાં.

આરવલીના ડુંગર—રજપૂતસ્તાનમાં.

પૂર્વઘાટ—પૂર્વ કિનારાપર.

પશ્ચિમઘાટ અથવા સહ્યાદ્રિ મલબાર કિનારાને ઉત્તર દક્ષિણ પડેલો છે.

હિંદુસ્તાનની મુખ્ય નદીઓ—બ્રહ્મપુત્ર એ ચીના, જ તિબેટના પહાડમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

સિંધુ અથવા અટક—એ ત્યાંજ તિબેટના પહાડમાંથી નીકળીને કાશ્મીર, પંજાબ અને સિંધ પ્રાંતમાં થઈને કરાંચી આગળ અરબી સમુદ્રને મળે છે.

ગંગા અને જમના—એ બે હિમાલયમાંથી નીકળીને પ્રયાગ આગળ ભેગી થઈ બંગાળાના ઉપસાગરને મળે છે.

મહાનદી—સાતપુડામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

ગોદાવરી—નાશક આગળ સહ્યાદ્રીમાંથી નીકળી નિઝામના રાજ્યની ઉત્તરમાં થઈને બંગાળાના ઉપસાગરને મળે છે.

કૃષ્ણા—સહ્યાદ્રીમાંથી નીકળી નિઝામના રાજ્યની દક્ષિણમાં થઈને બંગાળાના ઉપસાગરને મળે છે.

કાવેરી—સહ્યાદ્રીમાંથી નીકળી મહેસુર અને કર્ણાટક પ્રાંતમાં થઈને બંગાળના ઉપસાગરને મળે છે.

નર્મદા અને તાપી—એ બંને સાતપુડામાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.

મહી—માળવાના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.

સાબરમતી (સા-ભ્રમતી)—મહી કાંઠાના ઉત્તરના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.

સિંધુ નદીને મળનારી નદીઓ પાંચ છે. જેલમ, બીઆસ, રાવી, ચીનાબ અને સતલજ. (પંજાબમાં)

ગંગા નદીને મળનારી નદીઓ પાંચ છે. ગોગ્રા, શોણ, ચંબલ, જમના ને ગોમતી.

મુખ્ય અખાત તથા ઉપસાગર—કચ્છનું અખાત અને ખંભાતનું અખાત એ પશ્ચિમે, મનારનું અખાત દક્ષિણે અને બંગાળાનો ઉપસાગર એ પૂર્વમાં છે.

મુખ્ય ભૂશિર—કન્યા કુમારી અને રામભૂશિર એ દક્ષિણમાં છે અને દીવભૂશિર એ કાઠીઆવાડની દક્ષિણે છે.

મુખ્ય સામુદ્રધુની—પાકની સામુદ્રધુની એ મનારના અખાતને અને બંગાળાના ઉપસાગરને જોડે છે.

મુખ્ય બેટ—સિંહલદ્વીપ (લંકા), માલદીવ, અને લક્ષદ્વીપ એ દક્ષિણે હિંદી મહાસાગરમાં છે. આંદામાન અને નીકોબાર એ બંગાળાના ઉપસાગરમાં છે.

આ બધા બેટ અંગ્રેજ સરકારને તાબે છે. ઉપલા બેટોમાં સિંહલદ્વીપ મુખ્ય છે, માટે તેનું વર્ણન નીચે પ્રમાણે.

સિંહલ દ્વીપ અથવા લંકા.

આ બેટનો કેટલોક ભાગ વલંદા અને ફ્રેંચ લોકને તાબે હતો, પણ સને ૧૮૧૫ થી આખો બેટ આપણી મહારાણી વિક્ટોરીઆને તાબે છે.

મુખ્ય શહેર—કોલંબો. એ રાજધાનીનું શહેર, પશ્ચિમ કાંઠા ઉપર એમાં ગવર્નર રહે છે.

કાંડી એ અસલની રાજધાની, મધ્ય ભાગમાં છે.

મુખ્ય બંદર—કોલંબો, એમાં ૮૭ ફીટ ઊંચો દીવા-
દાંડી છે. પાઇન્ટડીગાલ, એમાં યૂરોપ, મુંબઇ, કલકત્તા, ચીન અને આસ્ટ્રેલિઆની આગબોટો અને વહાણો એકઠાં થાય છે.

પૂર્વમાં ત્રીંકોમાલીનું બંદર એવું મોટું છે કે તેમાં આખું અંગ્રેજી નૌકાસૈન્ય સમાય. વાયવ્યકોણમાં એક બીજો બંદર છે તે મોતી કાઢવાની જગ્યાઓમાં મુખ્ય છે.

મુખ્ય નદીઓ મહાવલીગંગા, કાલાનીગંગા અને કાલુગંગા.

એશિઆ ખંડમાં નીચે કહેલા દેશોમાં મહારાણી વિક્ટોરીઆનું રાજ્ય છે.

હિંદુસ્તાનનો મોટો ભાગ બ્રહ્મદેશમાંથી, આસામ, આરાકાન, પેગુ, માર્તાબાન, અને ટેનાસરીમ વગેરે પ્રાંતો મલયા દ્વીપકલ્પનો થોડો ભાગ, સિંહલદ્વીપ (લંકા) લક્ષદ્વીપ, માલદીવ, એ વગેરે હિંદુસ્તાનની દક્ષિણના બેટો આંદામાન અને નીકોબાર એ બંગાળાના ઉપસાગરમાંના બેટ, મલાકાની પશ્ચિમનો પીનાંગ અને મલાકાની દક્ષિણનો સીંગાપોર બેટ, ચીન દેશની દક્ષિણમાં કાંતાન નદીના મુખ આગળનો હાંગકાંગ બેટ અને અરબસ્તાનની દક્ષિણમાં આવેલો એડનનો મજબૂત કિલ્લો આપણી મહારાણીને તાબે છે.

સૂચના.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણે મળશે.

દેશાવરના ઘરાકોએ ટપાલ ખર્ચ વધારે મોકલવો.

મુંબઈમાં—કાળબાદેવીના રસ્તા ઉપર [illegible]ની દુકાને.